# ❀ અનુક્રમણિકા ❀


| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| નૂતન વર્ષનો સંદેશ | પૂ. યોગેશ્વરજી | ૪ |
| દીપોત્સવી–પ્રકાશનું પર્વ | તંત્રી | ૫ |
| બ્રાહ્મી સ્થિતિ | શ્રી યોગેશ્વરજી | ૬ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૮ |
| સુભાષિત રત્નભંડાર | — | ૧૩ |
| એક બાલિકાનો પત્ર | કાજલ એમ. જોષી | ૧૪ |
| પૂ. માનો પ્રત્યુત્તર | મા સર્વેશ્વરી | ૧૬ |
| પ્રશ્ન ઉપનિષદ્–(૧) | મહાત્મા યોગેશ્વરજી | ૧૮ |
| કૃપાપ્રસંગો લખી મોકલાવો | તંત્રી | ૨૩ |
| અધ્યાત્મના જૂના અંકો અંગે વિનંતી | તંત્રી | ૨૪ |
| નમ્ર પ્રાર્થના | પરમાર્થી | ૨૫ |
| જગત જનની | અરવિંદ જોષી (પંકજ) | ૨૬ |
| શ્રી સર્વેશ્વરી સંનિધિપર્વ | તંત્રી | ૨૭ |
| આદર્શ દૃષ્ટાંતો | સ્વ. પંડિત શિવપ્રદાસ દલપતરામ | ૨૯ |
| શ્રીભોજાણીભાઈને અભિનંદન | નારાયણ હ. જાની | ૩૪ |
| ભોજન માટેના નિયમો | — | ૩૫ |
| બાધા પૂરી કરી | નારાયણ હ. જાની | ૩૭ |
| સિદ્ધ મહાત્મા કૃષ્ણાશ્રમજી | મહાત્મા યોગેશ્વરજી | ૪૨ |
| Celebrations at Swargarohan | Pooja Trivedi | ૪૯ |
| અહં મીટાવો | રાકેશભાઈ ઝવેરી | ૫૩ |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૬૧ |


◉

## ❀ અભિનંદનીય સહાય ❀

હે યોગેશ્વર ગંગ પાવન વહો મારા હ્રદે સર્વદા,
ગાઉં નિત્ય ગુણાનુવાદ, ગુરુ હે સ્વીકારજો વંદના.

★ ★ ★

પરમાર્થી તાપે શ્રમિત, આવ્યો તારે દ્વાર,
શીતળ છાંયે માવડી, પાજે અમૃતધાર.

**—પરમાર્થી**

**કપૂરાના ભક્તપુરુષ જેમને પૂ. શ્રી યોગેશ્વરજીએ જ્ઞાનીભક્ત પરમાર્થી કહ્યા, શ્રી કબીરસાહિત્યની પરબડીસમા, કવિ, સમાજસેવક તરીકે અને સાચા સાધક તરીકે જીવન દીપાવ્યું.**
**તે શ્રી ઈશ્વરભાઈ પરમાર્થીની પાવનસ્મૃતિમાં**
**શ્રી મણિબેન પરમાર્થી**
**જયંત-મધુ-સારંગ-ગોપી પરમાર્થી**
**પંકજ-દક્ષા-ચિન્મય-ભક્તિ-અચ્યુત પરમાર્થી**
**બ્રાઉન્સવીલ-ટેક્ષાસ-યુ.એસ.એ.**
**(કપૂરા)**
**આ ઓક્ટોબર—૨૦૦૩ ના માસનો અધ્યાત્મનો રસથાળ પૂ. શ્રી ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના શ્રી ચરણોમાં અર્પણ કરે છે.**

★ ★ ★

**હે પરમાર્થી પરિવાર, પ્રભુના આશીર્વાદ સાથે**
**ધર્મે—સત્કર્મે ઘસાઈને ઉજળા થઈ સૌને દીપાવતા રહો.**

**—મા સર્વેશ્વરી**



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૨૫ ઓક્ટોબર-૨૦૦૩ અંક : ૧

# નૂતન વર્ષનો સંદેશ

**પૂ. યોગેશ્વરજી**

તમારી જાતને સંપૂર્ણપણે નવી બનાવવાનો પ્રયાસ કરો. યાદ રાખો કે માનવજીવનનો અંતિમ આદર્શ ઈશ્વરપ્રાપ્તિ છે ને તે આદર્શની સિદ્ધિ માટે સતત પુરુષાર્થ કરો. આમ કરવાથી તમારું તન ને મન પલટાઈ જશે, નવું બનશે, ને એક નવું ને વધારે સુખમય જીવન તમારી સામે ખુલ્લું થશે. આ જીવનનો આનંદ અનેરો હશે. સતત શ્રદ્ધા, ધીરજ, હિંમત, તપશ્ચર્યા ને મહત્ત્વાકાંક્ષાવિના જીવનનું આ ધ્યેય સિદ્ધ થઈ શકતું નથી. આ ધ્યેયની સિદ્ધિ થાય એ પ્રત્યેક માનવને માટે જરૂરી છે. તે વિના જીવનમાં શાન્તિ ને પૂર્ણતા પ્રકટી શકતી નથી. આ વસ્તુ સિદ્ધ થશે ત્યારે જીવનમાં ખરું નવું વરસ સિદ્ધ થશે. એટલું જ નહિ, પ્રત્યેક પળ નવી પળ બની જશે, ને એ આનંદ ને શાંતિની પ્રાપ્તિ થશે, જે કોઈ કાળે ને સંજોગોમાં નષ્ટ નહીં થાય. આજ સાચી દિવાળી, સાચું નવું વર્ષ કહેવાશે, નૂતન વર્ષ.

## દીપોત્સવી—પ્રકાશનું પર્વ

તંત્રી

**ઓક્ટોબર—૨૦૦૩નું અધ્યાત્મ આપના હાથમાં આવશે તે પછી તા. ૨૪—૯—૨૦૦૩ થી દીપોત્સવીના તહેવારોનો પ્રારંભ થાય છે. તેથી સહુ વાંચકોને—અધ્યાત્મ તરફથી દીપોત્સવીની શુભકામનાઓ પાઠવીએ છીએ. સહુના જીવનનો હર દિવસ મંગલમય દીપોત્સવી બને અને પ્રકાશ પાથરનારો બને તેવી પ્રભુને પ્રાર્થના છે.**

આ દિવસો પણ ચાલ્યા જશે. —યોગેશ્વરજી

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
મોરબી-૩૬૩૬૪૧
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨,૨૨૬૯૦૩



# બ્રાહ્મી સ્થિતિ

**શ્રી યોગેશ્વરજી**

ભગવાન કૃષ્ણે ગીતાના બીજા અધ્યાયના છેલ્લા શ્લોકમાં કહ્યું છે :

**एषा ब्राह्मी स्थितिः पार्थ नैनां प्राप्य विमुह्यति।**
**स्थित्वास्यामन्तकालेऽपि ब्रह्मनिर्वाणमृच्छति॥**

હે પાર્થ, આ બ્રાહ્મી સ્થિતિ છે. એને પામ્યા પછી માનવને મોહ નથી થતો. અગ્નિને ઉધેઈ નથી લાગતી, મહામણિને મેલ નથી લાગતો, લોઢું પારસના સ્પર્શે સુવર્ણ બની જાય તે પછી તેને કાટ નથી ચડતો. તેવી રીતે સ્થિતપ્રજ્ઞનું મન અને અંતર અહર્નિશ નિર્મોહ રહે છે.

એ શ્લોકના ઉત્તરાર્ધમાં જણાવવામાં આવ્યું છે કે એ બ્રાહ્મી સ્થિતિમાં અથવા સ્થિતપ્રજ્ઞદશામાં સમસ્ત જીવન દરમ્યાન સ્થિતિ ના કરી શકાય અને જો જીવનના અંતસમયે—અંતકાળે પણ પ્રતિષ્ઠિત બની શકાય તો પરમાત્માના અલૌકિક અનુગ્રહથી મુક્તિનો મહાનંદ મેળવીને કૃતાર્થ થવાય છે.

એ વિધાનમાં ઉદારતા તથા વિશાળતા બંને ટપકે છે. પૂર્ણતાના પ્રવેશદ્વારને, મુક્તિના મંગલમંદિરને, સદાને માટે સૌ કોઈને સારુ ખુલ્લું રાખવામાં આવ્યું છે. સમસ્ત જીવન દરમિયાન કોઈ કારણે કોઈ સાધના ના થઈ હોય તોપણ કશુ જ બગડી ગયું નથી. જીવન-વિકાસનું બારણું બંધ થયું નથી, એવું સૂચવવામાં આવ્યું છે. જીવન છે, છેલ્લો શ્વાસ છે ત્યાંસુધી હાથમાં બાજી છે. માટે હિંમત હારવાને બદલે, આશાને છોડવાને બદલે, જીવનની સુધારણાનો, આત્મિક-

વિકાસનો અંતિમ પ્રામાણિકતાપૂર્વકનો પ્રયત્ન કરી લો. એવું એમાં અજ્ઞાત આશ્વાસન આપવામાં આવ્યું છે. જીવન જાગૃતિપૂર્વકની સાધના સિવાય એમ જ વહી ગયું હોય તોપણ છેક છેલ્લી ઘડીએ જાગીને પરમાત્માની કૃપા મેળવી શકાય છે. એ સંબંધમાં મહારાજા પરીક્ષિતનું ઉદાહરણ ઉત્તમ છે. પરીક્ષિતને શમીકમુનિના સુપુત્ર શ્રૃંગીનો શાપ મળ્યો ત્યારે એમની પાસે વિશેષ વખત ન હતો રહ્યો, તોપણ એ સમયને સુવર્ણ સમય સમજીને એમણે સ્વનામધન્ય સંતશિરોમણિ શુકદેવજીના શ્રીમુખથી ભાગવતનું શ્રવણ કરીને અંતકાળે ભગવાનમાં સ્થિતિ કરી અને મુક્તિ મેળવી. એવી રીતે અંતકાળે ભગવાનમાં સ્થિતિ કરીને કોઇ પણ ધન્ય બની શકે છે.

**अंतकालेऽपि** એટલે 'અંતકાળે પણ' શબ્દોનો બીજો પણ અર્થ છે. જીવન દરમિયાન તપ, વ્રત, સાધના અથવા આરાધનાથી ઉત્તમ સ્થિતિની પ્રાપ્તિ કરી હોય એમણે પણ અંતકાલે જાગ્રત રહેવું જરૂરી છે. અંતકાળ જો કોઇ કારણે બગડી જાય તો મુક્તિને મેળવવામાં મુશ્કેલી ઊભી થાય છે. એવા પુરુષોએ અંતકાળને પણ જીવનનો સોનેરીકાળ સમજીને સાવધાન રહેવું જોઇએ. ભાગવતમાં રાજર્ષિ ભરતનું ઉદાહરણ જોવા જેવું છે. ભરતજી અંતકાળે મૃગશાવકમાં આસક્તિ અથવા મમતા થવાથી કર્મધર્મ સાધનાત્મક અનુષ્ઠાન અને પરમાત્માની નિષ્ઠામાંથી ચલિત થઇ ગયા તો એમને મુક્તિ મળવાને બદલે પુનર્જન્મ લેવો પડ્યો. મહાનતાના ગમે તેવા સુમેરુ શિખરપર પહોંચ્યા પછી પણ મનોવૃત્તિ તથા નિષ્ઠા છેવટસુધી પરમાત્મામાં જ જોડાયેલી રાખવાની આવશ્યકતા છે. સાધકે શરૂઆતમાં જાગ્રત રહેવું પડે છે. અને પાછળથી આત્મજાગૃતિ એને માટે સહજ બની જાય છે. જીવનમાં સ્વાભાવિક રીતે જડાયેલી કે સહજ બનેલી જાગૃતિથી મોહ નથી થતો. મોહ થવાનો સંભવ નથી રહેતો. ●



# શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

**તા. ૧૭—૧૦—૮૧ શનિવાર, આસો વદ પાંચમ, ૨૦૩૭,**
**સ્થળ : ટોરન્ટો શહેર—કેનેડા.**

સવારે પૂ. શ્રી ઊઠે છે. સ્નાન વ્યાયામ લેખન કરે છે. સાડા અગિયારે નીચે આંટા મારે છે. ભોજનમાં આજે ખીચડી બની રહી છે. આજે સુરેશભાઇ પણ ભોજનમાં જોડાય છે. તેમને એ સદ્ભાગ્ય બદલ આનંદ થાય છે.

ભોજન બાદ આવતીકાલે બે પ્રવચનો ગોઠવાયાં છે, તેની ચર્ચા થાય છે. કાલે ગાયત્રી પરિવાર તરફથી પણ એક કાર્યક્રમ થશે.

ભોજન બાદ પૂ. શ્રી આરામ કરે છે. સર્વેશ્વરી શહેરમાં જાય છે. સૌ પ્રથમ નોર્થયોક લાયબ્રેરી જોવાનું બને છે.

હજારોની સંખ્યામાં હિન્દી, બંગાળી, ગુજરાતી, મરાઠી, ભારતની ભાષાઓનાં પુસ્તકો અહીં જોવા મળ્યાં. ઘરે પુસ્તકો, ટેપરેકર્ડ લઇ જઇ શકાય. અહીં ઘણા ટી. વી. જોયા. સિનેમાનો અલગ હોલ પણ જોયો. લાયબ્રેરીની સભ્ય ફી ન હતી. વિનામૂલ્યે સભ્ય થઇ શકાય તેવી સગવડ. મકાન ઘણું મોટું ૬૦૦૦ પુસ્તકો દર અઠવાડિયે લોકો વાંચન માટે લઇ જાય છે. ભારતનાં વર્તમાન-પત્રો પણ અહીં જોવા મળ્યાં.

લાયબ્રેરી જોયા પછી શહેરના પ્લાઝા જોવા ગયાં. પ્લાઝા એટલે જ્યાં દરેક પ્રકારની દુકાનો હોય છે. દુકાનો તો ઇંગ્લેન્ડ, કેનેડામાં સરખી જ હોય છે. પણ અહીં બેન્કની સગવડ પણ હતી. કેવી સગવડ?

ચોવીસ કલાક એ બેંકનું એક ખાતું ખુલ્લું રહે. એમાં એ બેંકનો કાર્ડ જરૂરી રકમ લખીને નાંખીએ તો લખેલી રકમ જેટલી નોટ બહાર આવી જાય. ધારો કે રાતે આઠ કે દશ વાગ્યે કે રવિવારે ઓચિંતુ બહારગામ જવાનું નક્કી થયું. પેસા નથી. તો આવી બેન્ક જ્યાં આપણું ખાતુ હોય, આપણને કાર્ડ પણ મળ્યો હોય, તો તે કાર્ડ બોક્ષમાં રકમ લખીને મૂકીએ એટલે અંદર કોમ્પ્યુટરની મદદથી માનવની મદદવિના તે પૈસા બહાર મળી જાય. બેન્ક રાતે કે રવિવારે બંધ હોય તોપણ આ સગવડ મળે છે.

તાળાની ચાવી ખોવાઇ ગઇ હોય અથવા બીજી વધારાની કરાવવી હોય તો એક મશીન હતું, જેમાં ચાવી મૂકીએ એટલે એક સેકન્ડમાં જ તેવી જ બીજી ચાવી મળી જાય.

આપણી મોટર ધોવાની હોય તો મોટરના કાચ બંધ કરી આપણે મોટરમાં જ બેસીને ધીમે ધીમે એક ઓરડામાં લઇ જવાની. ત્યાં ચાલુ મોટરે આગળ પાછળ ઉપર નીચે સાબુવાળા મોટા મોટા બ્રશ મોટર ઉપર ફરે ને પછી મોટર ધોવાઇ ને સ્વચ્છ થઇ જાય. આ કામ ફક્ત પાંચ જ મિનિટમાં થઇ જાય. બે ડોલર એનો ચાર્જ થાય. મશીનોવાળા મોટા ઓરડામાં મોટર ન્યુટ્રલમાં એની મેળે ધીમી ગતિએ ચાલે ને બીજી બાજુ સરસ ધોવાઇને નીકળે. વિવિધ સગવડો જોવા મળી.

દુકાનોમાં શાકભાજી, ફળફળાદિ, ફળોના રસ મળે. સંપૂર્ણ શાકાહારી રહેવા માટેની બધી જ સગવડ છે. સ્વચ્છ ને તાજા જ બધા પદાર્થો મળે છે.

શહેરમાં ફરીને એક બસસ્ટેન્ડ ઉપર શ્રી વિમળાબેનની રાહ જોઇ ત્યાં રસ્તા ઉપર બે ભૂરા રંગનાં પતરાનાં કબાટ જોયાં, જેમાં એક બેન પોતાની ગાડીમાંથી ઉતરીને કપડાં નાંખે છે. શું આ કપડાં



ધોવાનું મશીન હશે? ના. અનાથ બાળકો માટેની આ દાનપેટી છે. જેમાં કપડાંનું દાન પણ થઇ શકે.

આ દેશમાં પણ અનાથ, તરછોડાયેલાં બાળકો હોય છે.

ત્યાં તો શ્રી વિમળાબેન આવી જાય છે. તેઓ સવારે કામ ઉપર જાય છે. ચાર બસ બદલીને દૂર દૂર કામ ઉપર જાય છે. અહીં પણ બસમાં ભીડ હોય છે. ઘણીવાર ઊભા ઊભા જ જવાનું બને છે. દરેક બસ સરસ સગવડવાળી ભારતની લક્ઝરી બસ જેવી હોય છે. સોમથી શુક્ર દરેક સ્ટેન્ડ ઉપરથી દશ દશ મિનિટે બસ મળે. શનિ, રવિ ૦ાા ૦ાા કલાકે બસ મળે છે.

ઉતારા ઉપર આવી ગયાં. પૂ. શ્રીએ દૂધ લીધું. વળી વેનીલા આઇસ્ક્રિમ પણ લીધો. સાંજે પોણો કલાકની મુસાફરી કરી પ્રવચન સ્થળે પહોંચ્યાં.

આજે બાર દિવસ થયા. દરરોજના પ્રવચનની બોલતી ચાલતી ફિલ્મ ઉતારવાનું સેવાકાર્ય શ્રી સુરેશભાઇ ભક્તિભાવથી કરી રહ્યા છે.

પ્રવચન સ્થળ ઉપર સુંદર બેઠકો હતી. ત્યાં સ્વાગત થયું. શરૂઆતમાં શ્રી અશોકભાઇ, અજીતભાઇએ ભજનો ગવડાવ્યાં. ''મારે આંગણે પધાર્યા ગુરુદેવ,'' ''આટલો સંદેશો મારા ગુરુજીને કહેજો,'' ''સંતોની સાધનાને જાણે કોઇ વીરલા.'' ભજનો પૂરાં થયાં ને પૂ. શ્રીએ આજે સંતોની સાધના ઉપર જ પ્રવચન શરૂ કર્યું. પ્રવચન બાદ સર્વેશ્વરીને શ્રોતાવર્ગમાંથી પ્રશ્ન પૂછાય છે. આપને શ્રી યોગેશ્વરજીનો પરિચય ક્યારે થયો? શા માટે તમે ત્યાગ કરીને એમની સાથે રહ્યાં? તમારી ત્યારે ને અત્યારે કેવી ભૂમિકા છે?

આ પ્રશ્નોના ઉત્તરમાં સર્વેશ્વરીએ વાર્તાલાપ આપ્યો. પ્રશ્નનાં ઉત્તરમાં મૌનમંદિરના અનુભવની વાત પણ થાય છે. અંતે ભોજન

બાદ સૌ વિદાય થાય છે.

પ્રવચન સ્થળના ઉપરના ભાગમાં દેવસ્થાન હતું, જ્યાં વડોદરા પાસે મંજૂસરનાં મહાત્મા શ્રી મુગટરામ મહારાજની તસ્વીર ને ગીરજાશંકર મહારાજની પાદુકાનાં દર્શન થયાં. પૂ. શ્રીએ કહ્યું, ''મહાપુરુષોની આ પરિવારપર કૃપા છે.''

સંતોના સંસ્કાર વારસાને સુશોભિત કરનારા શ્રી અશોકભાઇ, અજીતભાઈ છે. એમના જ પરિવારના એ મહાપુરુષોને દેવસ્થાનમાં સ્થાપન કર્યા છે. શ્રી દાજીરામ મહારાજ, પછી મુગટરામ મહારાજ, પછી ગિરજાશંકર મહારાજ એ મંજૂસરના મહાત્માઓની પરંપરા છે.

શ્રી અજીતભાઈએ કહ્યું, ''શ્રી દાજીરામ મહારાજને સંતજ્ઞાનેશ્વરે મંજૂસર આવીને દીક્ષા આપેલી. એ રીતે અમે કેનેડામાં રહીએ છીએ તો તે જ્ઞાનેશ્વરે આ યોગેશ્વરજીનાં રૂપે અમને શોધતા શોધતા અહીં અમારી પાસે મોકલ્યા છે. અમે તો હવે આ યોગેશ્વરજીના ચરણે છીએ. જપ તપ કશું જ કરતા નથી. છતાં અમને આ ભગવાન શોધતા શોધતા આવી ગયા! અમારો એક પણ દિવસ યોગેશ્વરજીના સ્મરણવિના જતો નથી.''

''અમે ૧૯૭૮ માં યોગેશ્વરજી સાથે કોર્નવોલ ગયેલા. શ્રી નંદુભાઇ ખૂબ ઝડપથી ગાડી ચલાવે. અમે કહીએ પોલીસ આ ઝડપ જોઇને દંડ આપશે. તો નંદુભાઇ કહે આપણે એ દંડની ટિકિટ યોગેશ્વરજીને આપી દઇશું.''

''ને સાચે જ પોલીસે અમારી ગાડી ઊભી રખાવી, લાયસન્સ વગેરે જોયું ને આશ્ચર્ય તો એ થયું કે પોલિસે દંડની ટિકિટ જ ન આપી, પણ કહ્યું ગાડીની પાછલી લાઇટ ૨૪ કલાકમાં સુધારી દેજો.''

''બોલો, પોલિસની પણ યોગેશ્વરજીને દંડની ટિકિટ આપવાની હિંમત ન ચાલી. બોલો યોગેશ્વરજીની કૃપા હોય પછી ડર શાનો?''



વાતચીત કરતા કરતા જ નીચે આવ્યા. ગાડીમાં બેઠા, ને ઉતારા ઉપર આવી ગયા. વિદેશની ધરતી ઉપર રહીને આ સંતોના વારસદારો મંજૂસર પોતાની આવકનો અમુક ભાગ નિયમિત મોકલે છે. એમની ધર્મભાવના શ્રદ્ધાભક્તિ ધન્યવાદને પાત્ર છે.

ઉતારા પર આવી આરામ.

(ક્રમશઃ)

પ્રભુ માટેનો પ્રેમ પ્રકટ કરવા જેવાં સાધનોને છેવટનાં માની બેસી ના રહેતા. તે દ્વારા ઈશ્વરને મેળવવાની વ્યાકુળતા જગાવો. ઈશ્વરદર્શન માટે થોડોઘણો વખત લાગે તોપણ નિરાશ ના બનતા. પોકાર ચાલુ જ રાખો. ઈશ્વરના પ્રેમથી ઈશ્વરની કૃપા જરૂર થશે જ. ધ્રુવજી, પાર્વતી, મીરાં, નરસિંહ બધાં એનાં ઉજ્જ્વલ ઉદાહરણો છે. **—યોગેશ્વરજી**

**ઘર : ૨૪૬૩૪૩૧** **ઓફિસ : ૨૩૬૨૪૩૭**
**: ૨૪૮૦૪૨૮** **: ૨૩૬૦૩૭૬**

**ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન**
**''સત્યવાન'' તથા ''ચંદન''**
**૬, ૮ તથા ૧૦ હો. પા.**

—: બનાવનાર :—

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, **રાજકોટ**—૩૬૦૦૦૨

# સુભાષિત રત્નભંડાર

**दन्तिदन्तसमानं हि निःसृतं महतां वचः।**
**कूर्मग्रीवेव नीचानां पुनरायाति याति च॥**

મહાપુરુષોનું નીકળેલું વચન હાથીના બહાર નીકળેલા દાંતના સમાન હોય છે. દાંતની જેમ તે કદી પાછું પેસતું નથી. જ્યારે નીચ માણસોનાં વચન કાચબાની ડોકના જેવાં હોય છે, તે બહાર નીકળે છે અને ફરી પાછો અંદર પેસી જાય છે.

**यथा चित्तं तथा वाचो यथा वाचस्तथा क्रियाः।**
**चित्ते वाचि क्रियायां च साधूनामेकरूपता॥**

સત્પુરુષોને જેવું ચિત્તમાં હોય તેવી જ વાણી બોલાય છે. અને જેવી વાણી બોલાઇ હોય તેવી જ ક્રિયાઓ થાય છે. ચિત્ત, વાણી અને ક્રિયામાં (વિચાર, વાણી અને વર્તનમાં) સત્પુરુષો એકરૂપતાવાળા હોય છે.

**विवेकः सह संयत्या विनयो विद्यया सह।**
**प्रभुत्वं प्रश्नयोपेतं चिह्नमेतन्महात्मनाम्॥**

સંયમની સાથે વિવેક, વિદ્યાની સાથે વિનય અને પ્રભુત્વ-(સત્તા)ની સાથે નમ્રતા એ મહાપુરુષોનું લક્ષણ છે.



# એક બાલિકાનો પત્ર

કાજલ એમ. જોષી

**[ યોગની એક બાલસાધિકાનો પૂ. મા પર વ્હાલભર્યો પત્ર ]**

પૂજ્ય વ્હાલી મા,

પહેલી વાત, મારી મમ્મીએ મને કીધું છે કે જે આપણને ખૂબ જ ગમતાં હોય તેને ‘તું’ કહેવાય. એટલે તમે બધા ભલે મા આપને ‘તમે’ કહેતા હોય, પરંતુ તું મને ખૂબ જ વ્હાલી છો, તેથી હું, તને ‘તું’ જ કહીશ.

તને મેં સમાચાર દેવા માટે પત્ર લખ્યો છે કે હું બીજી “યોગા-સન”ની સ્પર્ધામાં ગઇ હતી જ્યાં મારો ત્રીજો નંબર આવ્યો છે. બધાએ મને અભિનંદન આપ્યા, પરંતુ જ્યારે મને ત્રીજો નંબર મળ્યો ત્યારે મને જરાય ખુશી થઇ ન હતી. શું કામ?

મા, મને તારું ‘સ્વર્ગારોહણ’ ખૂબ જ યાદ આવતું હતું. તારા ઘરે મને જેવી મજા આવી હતી તેવી મને જરાય મજા ન આવી.

આ સ્પર્ધા એક આશ્રમમાં હતી. પરંતુ મને ખબર નથી પડતી કે તે મૈયાજી મને કેમ વ્હાલા નથી લાગતા? ભગવાન મને માફ કરે. પરંતુ ત્યાંથી આવીને મને ખૂબ જ ઝડપથી તને પત્ર લખવાનું મન થતું હતું. આજે તો મારી શાળાનું લેશન પૂરું કરી મારી મમ્મીને કહીને તને પત્ર લખવા બેસી ગઇ છું.

તારો પ્રેમ મને ખૂબ જ યાદ આવે છે. કેવા બધા જ નાના છોકરાઓને તેં ઇનામ આપ્યાં હતાં! અને અમને બધાને “બાળ-દેવતા” કહેતી હતી!

મા, હવે મેં નક્કી કરી લીધું છે કે હું ક્યાંય યોગાસનની સ્પર્ધા

રમવા જઈશ જ નહીં. માત્ર, ''સ્વર્ગારોહણ''માં તારા ઘરે હશે ત્યારે જ આવીશ. મને તારા ઘર સિવાય ક્યાંય જવું નથી ગમતું.

સાચું બોલજે મા, તને મારી યાદ આવે છે? હું તારા ઘરે ''યોગાસન સ્પર્ધા''માં પહેલો નંબર આવી હતી અને ''મીસ યોગિની'' બની હતી! જો કે તારા ઘરે તો ઘણાં બાળકો તે વખતે આવ્યા હતા તેથી કદાચ તને હું યાદ નહીં હોઉં. પણ તું મને બહુ યાદ આવે છે. મારી મમ્મીએ કીધું છે કે વેકેશનમાં હું તને માના ઘરે લઈ જઈશ. ખરેખર, લાવે તો સારું. કેમ?

મા, મને તું આશીર્વાદ આપજે કે ભણવામાં મારો પહેલો નંબર આવે. હું તો રોજ સવારે સફેદ સાડી પહેરેલી પૂ. દાદાના ફોટાને ખોળામાં લઈને ખુરશી ઉપર બેઠેલી તને યાદ કરી પ્રણામ કરી શાળાએ જાઉં છું. મને બધું ઝડપથી યાદ રહી જાય તેવું કરજે. અને તારા આશીર્વાદ હમેશાં મારી ઉપર વરસાદની જેમ વરસાવ્યા કરજે.

'સ્વર્ગારોહણ'ના સ્વર્ગમાં બિરાજમાન ''મા''ને મારા ખૂબ ખૂબ પ્રણામ.

**કાજલના પ્રણામ.**

In short I will say only about Maa:–

જલાવી જાતને ધૂપ સુવાસિત બધુ કરે,
ઘસીને જાતને 'મા' અન્યને સુખીયા કરે.

Because the life of MAA is like a Rose Flower:–

ઘેરી લીએ કંટક છો ગુલાબને,
ના આંચ આવે કશીએ, સુવાસને.

**કાજલ જોષી**



# પૂ. માનો પ્રત્યુત્તર

**મા સર્વેશ્વરી**

સૌની પ્રિય બાળદેવી શ્રી કૃષ્ણા.

તારો પત્ર મળ્યો અમને તો કાજલ કરતાં કૃષ્ણા નામ ગમે છે. માટે તારું નામ અમે એ જ રાખ્યું છે.

તારો પત્ર એટલો બધો ગમ્યો કે અમે આજે સૌને વાંચી સંભળાવ્યો.

તને તો ફક્ત મા જ નહીં, બધા જ ખૂબ યાદ કરે છે. બધા જ તરત જ ઓળખી ગયા કે હા પેલી કૃષ્ણા કે જેણે દેશભક્તિનું ગીત ગાયેલું ને સ્ટેજ પરથી આભારના બે શબ્દો પણ બોલવા ઊભી થયેલી.

બોલ, હવે બીજી સાબિતી જોઈએ છે! ઇનામ મળ્યું કે તરત જ તું મોબાઈલથી ફોન કરતી હતી. તું એકલી એકલી રમતી હતી. આ બધી જ વાત તારી સૌને યાદ છે. કારણ તું સૌને ગમી ગઈ હતી. કૃષ્ણા તો જાણે સ્વર્ગારોહણની ફૂલવાડીનું ખીલતું ફૂલ છે. ફૂલ સુગંધથી સંપન્ન બને અને બીજાને પણ સુગંધ ધરે. તેવી અમારી કૃષ્ણાદેવી પણ છે, થશે.

અભ્યાસમાં તેજસ્વી બનવું હોય તો દરરોજ પ્રભુને એક પ્રણામ કરીને કહેવું પડે, હે પ્રભુ, હું વાંચીશ તમે યાદ કરાવજો. હું મહેનત કરીશ. તમે સર્વોત્તમ સફળતા અપાવજો. હું ભણવા જઈશ તમે મારી સાથે જ રહેજો.

સ્વર્ગારોહણમાં બેસીને મા પ્રાર્થના કરે છે કે હે પ્રભુ, કૃષ્ણાને સર્વ વિષયોમાં, સર્વ ક્ષેત્રોમાં સર્વ સ્થળે, સર્વ કાળે સર્વ પ્રકારે, તેજસ્વી બનાવજો.

અને જલ્દી જલ્દી કૃષ્ણાને અને તેની સખીઓને સ્વર્ગારોહણ લઇ આવજો.

તારા મમ્મી, પપ્પાને પણ અમારા સૌના પ્રભુસ્મરણ. તારી પ્રગતિમાં તેમનો ઘણો મોટો ફાળો છે, માટે તેમને ધન્યવાદ.

ખૂબ ખૂબ આશીર્વાદ પ્રભુના.

**મા.**

જીવનનો સર્વનાશ કદી પણ નથી થતો. નથી થઇ શકતો. સંહારમાંથી પણ સર્જન થઇ શકે છે, પછી હતાશ થવાનું, ભગ્નહૃદય બનવાનું કારણ જ ક્યાં છે? પ્રત્યેક પળ નવજીવનની અભૂતપૂર્વ આશાસાથે આવતી હોય છે.

— યોગેશ્વરજી

ફોન : **૨૩૨૧૦૭૦૭, ૨૩૨૨૧૮૧૦**
મોબાઇલ : **૯૮૨૫૧૩૭૩૫૫**

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# પ્રશ્ન ઉપનિષદ્—(૧)

**મહાત્મા યોગેશ્વરજી**

## (૧) એક ધ્યેય કે આદર્શનો અભાવ?

કેટલાક વિચારકોનું માનવું છે કે આ દેશમાં પુરાતન કાળથી તે અત્યારસુધી કોઇ એક આદર્શનો અભાવ રહ્યો છે. તેથી જ આ દેશની પડતી થઇ છે ને પ્રજા વારંવાર ગુલામ બની છે. તેવા વિચારકોની સાથે આપણે સંમત નથી થઇ શકતા. આ દેશના ઉપનિષદ્ જેવા વિશાળ પ્રાચીન સાહિત્યનો વિચાર કરતાં ખાતરી થાય છે કે દેશની પ્રજાને માટે એટલા જૂના જમાનાથી જ એક મહાન ને ઉમદા આદર્શની રજૂઆત થઇ હતી ને તે આદર્શ ઠેર ઠેર પહોંચાડી તેને ક્રિયાન્વિત કે આચારમાં અનુવાદિત કરવાના શક્ય પ્રયાસ થયા હતા. વૈદિક સાહિત્ય ને ઉપનિષદ્ના શાંતિપાઠનું મનન કરવાથી આ વાત સહેજે સમજાય છે. તેમાં મુખ્યત્વે બે પ્રકારનાં ધ્યેય દેખાય છે અથવા તો એમ કહો કે એક વિશાળ ને સર્વસુલભ આદર્શનાં બે પાસાંનું દર્શન થાય છે. માનવ પરમાત્માની પાસે પહોંચે—વધારેમાં વધારે પાસે પહોંચવાનો કે પરમાત્માને જાણવાનો પ્રયાસ કરે; એ રીતે શાંતિ મેળવે ને પોતાના જીવનદ્વારા બીજાને બને તેટલી મદદ કરવા તૈયાર રહે. ટૂંકમાં કહી શકાય કે આત્મશાંતિ ને સંસાર કે સમાજની સેવા. આ પ્રમાણે વૈદિક કાળથી જ મનુષ્યની સામે આ બેવડો આદર્શ મૂકવામાં આવ્યો છે. ને તે આદર્શ સનાતન છે. દરેક જમાનામાં તે બંધબેસતો ને ઉપયોગી છે. એથી વધારે ઉત્તમ ને વિશાળ આદર્શ પૃથ્વીની કોઇ પણ પ્રજાએ નક્કી કર્યો હોય એવું મારા ખ્યાલમાં નથી, ને એથી વધારે સુંદર ને ઉત્તમ આદર્શ હોઇ શકે એમ પણ મને નથી લાગતું. એટલે આ દેશમાં કોઇ વિશાળ

સાર્વત્રિક આદર્શનો અભાવ હતો એમ માનવું કે મનાવવું ભૂલભરેલું છે. આજે પણ એ આદર્શ એવો જ અખંડ છે, ને તેને સમજી, વિચારીને અમલમાં મૂકી કોઇ પણ માણસ પોતાના જીવનને ધન્ય કરી સંસારની શોભા ને સમૃદ્ધિ વધારી શકે છે.

પરંતુ થયું છે એવું કે આ દેશની પ્રજા મોટે ભાગે એ આદર્શને જીવનમાં ઉતારી કે પચાવી શકી નથી. આદર્શ અત્યંત આદરણીય, વિશાળ ને અગત્યનો છે, પરંતુ તેને આચારમાં અનુવાદ કરવાનું કામ અટકી પડ્યું છે. એટલે આદર્શ માત્ર આદર્શ જ રહ્યો છે—વ્યવહારનું રૂપ નથી લઇ શક્યો. આ દેશમાં ને બીજા કોઇ પણ દેશમાં જીવનની નૈતિક કે આધ્યાત્મિક ઉન્નતિના ઉપદેશ અનેકવાર ને અત્યંત અસરકારક રીતે આપવામાં આવ્યા છે; માણસે તે સાંભળ્યા, વાંચ્યા ને વિચાર્યા છે પણ ધ્યાનપૂર્વક; પરંતુ તેમનું આચરણ કરવામાં તે હમેશાં નબળો ને પાછળ રહ્યો છે. તેથી જ ખ્રિસ્તી ને ઇસ્લામ જેવા ધર્મો હયાત હોવા છતાં તેના અનુયાયીઓ અનેક જાતની બદીઓના શિકાર થઇ પડ્યા છે. તેમનામાં પણ અંદર-અંદરની અથડામણો ચાલે છે. વેદ, ઉપનિષદ્ ને ગીતા જેવા મહાન ગ્રંથોને માનનારી ને ધર્મનું ગૌરવ રાખનારી આ દેશની પ્રજાનું પણ એવું જ છે. નહિ તો જે દેશ ને પ્રજા પાસે આટલો મોટો મંગલકારક આદર્શ હોય ને જેના સનાતન ધર્મના સિદ્ધાંતો આટલા બધા અસરકારક ને પાવન હોય તે પ્રજામાં ભેદભાવ, ભય, અનીતિ, ભ્રષ્ટાચાર, ધન, યશ ને સત્તાની ઘેલછા તથા લાંચરુશવત ક્યાંથી હોઇ શકે? જે સારું છે ને સાચું છે તેને જીવનમાં સાકાર કરવાની ઇચ્છા, ધગશ ને મહેનતની ખામી જ એનું કારણ છે. કોઇ પણ પ્રજા જ્યારે પોતાના પ્રાચીન વાસસાના ગૌરવને આધારે જીવવા માંડે છે ને વર્તમાનને સુધારવા કે તે વારસાને અનુરૂપ બનાવવાની



કોશિશ નથી કરતી, ત્યારે તે પ્રજા પ્રગતિની દિશામાં પાછળ રહી જાય છે ને ધીમે ધીમે નિર્બળ બનતી જાય છે. એટલે આ દેશનાં દુઃખદર્દનું મહત્ત્વનું કારણ કોઇ ઉત્તમ આદર્શનો અભાવ નહિ, પરંતુ તેના આચરણનો અભાવ છે.

બીજું કારણ, ને મહત્ત્વનું કારણ, અંદરઅંદરના કુસંપ, ભેદભાવ કે તેજોદ્વેષનું છે. આ દેશની પ્રજામાં સાથે મળીને—પોતાના અંગત રાગદ્વેષને દેશના વિશાળ હિતમાં ભૂલી જઇને—કામ કરવાની ઉમદા વૃત્તિનો અભાવ છે. રાષ્ટ્રીય હિતની ભાવના બહુ ઓછી છે. ને તેથી જ, મોટે ભાગે માણસ પોતાના જ હિતનો વિચાર પહેલો કરે છે. એટલું જ નહિ, પોતાના હિત કે માની લીધેલા સુખના બદલામાં સમગ્ર સમાજ કે રાષ્ટ્રનું ભાવિ જોખમમાં મૂકાતું હોય ને બગડતું હોય તોપણ હરકત નહિ, એવી હીન વિચારસરણી પ્રજામાં મોટે ભાગે પ્રવર્તે છે. ભૂતકાળમાં આ જ નબળાઇને લીધે દેશને શોષવું પડ્યું છે. ઇતિહાસનો સાધારણ અભ્યાસ કરનારો કોઇ પણ વિદ્યાર્થી આ વાત સમજી શકે તેમ છે. દેશ પાસે સારું ને સુસજ્જ લશ્કર હોય, દુશ્મન સેના સામે તે ટક્કર પણ બરાબર ઝીલતું હોય, ને વિજયની પણ તદ્દન નજીક કે હાથવેંતમાં હોય, ત્યારે એકાદ અમીચંદ પાક્યો હોય ને તેણે ધન, પદ કે સત્તાની લાલસાથી દુશ્મન સાથે મળી જઇને પોતાના પક્ષનો બધો ભેદ બતાવી દીધો હોય, ને પરિણામે તદ્દન પાસે આવી પહોંચેલો વિજય પરાજયમાં પલટાયો હોય. એવાં ઉદાહરણ આ દેશના ઇતિહાસમાં અનેક છે. હૂણ, શક ને બીજી પ્રજાનાં ધાડાં તેથી જ અહીં ફાવી ને કેર વરતાવી જતાં હતાં. માનસિંહ જેવા યોદ્ધાઓ જ અકબરને મદદરૂપ થઇને પ્રતાપ ને ત્રાસ આપતા હતા ને અંદરઅંદરના દ્વેષ ને ઝઘડાને લીધે કેટલાક રાજા બહારના આક્રમણખોરોને રીતસર આમંત્રણ આપતા હતા.

રાષ્ટ્રની એ જૂની નબળાઈ છે. તે નબળાઈનો લાભ લઈને જ અંગ્રેજ મુત્સદ્દીઓ અહીં ફાવી ગયા, સામ્રાજ્ય કરી શક્યા, ને તેથી જ આટલી બધી નેતૃત્વશક્તિ, અડગતા ને વીરતા હોવા છતાં દેશને આઝાદી આટલી મોડી મળી ને મળી તે પણ ખંડિત! રાષ્ટ્રની એ વારસાગત નબળાઈનો લાભ અંગ્રેજોએ પૂરેપૂરો ઊઠાવ્યો ને પાકિસ્તાનની રચનામાં આ જ દેશના એક નેતાને હથિયારરૂપ કરીને દેશને એવી દશામાં મૂકી ગયા કે જેમાંથી દાવાનળ જ સળગે. પરંતુ દેશના એક બીજા મહાપુરુષ ને મહાન મુત્સદ્દી નેતા સરદાર પટેલની શક્તિના પ્રભાવથી તે ભય દૂર થયો. પણ સાથે મળીને દેશના હિતમાં પોતાના હિતનો ભોગ આપીને કામ કરવાની વૃત્તિનો એ અભાવ આઝાદી પછી પણ દૂર નથી થયો. એટલે તો કોંગ્રેસ જેવી મહાન સંસ્થાની અંદર પણ ફાટફૂટ છે; ને દેશના બીજા દેશોની સરખામણીમાં ઘણા સારા એવા નેતાઓ હોવા છતાં દેશને તેમની સામૂહિક આવડત, બુદ્ધિ ને શક્તિનો લાભ નથી મળતો. ચીન જેવા કેટલાય દેશો દેશહિતની ભાવનાની ભરમાર હોવાને લીધે થોડાં જ વરસોમાં ખૂબ સારો વિકાસ કરી શક્યા છે, ત્યારે આ દેશ હજી આંખ ચોળીને ગોકળગાયની ગતિથી ચાલી રહ્યો છે. તેનું કારણ 'આ મારો દેશ છે ને તેને માટે મારે મારા સુખને ગૌણ ગણીને બધું જ કરી છૂટવું જોઈએ' એ રાષ્ટ્રીય ભાવના, એકતા કે અસ્મિતાનો અભાવ છે. એટલે જ વેપારી પોતાના દેશની પ્રતિષ્ઠા ને પ્રજાના હિત કરતાં પોતાના નફાનો વિચાર પહેલો કરે છે, ને ખોરાક ને બીજા માલમાં ભેળસેળ, છેતરપિંડી તથા બેફામ નફાખોરી ચલાવે છે; અમલદારો ને જાહેર નોકરોમાં ગમે તેમ કરીને ધન મેળવવાની વૃત્તિ વધારે દેખાય છે ને જાહેર બાંધકામોમાં ઈજનેરો ને લાગતા-વળગતા લોકોદ્વારા લાખો રૂપિયા ખવાઈ જાય છે. પ્રામાણિકતા ને



વિશ્વાસ જેવું આ દેશમાં બહુ ઓછું રહ્યું છે. ડોક્ટર કે વકીલ સામા માણસના ભલાનો વિચાર કરવા કરતાં ગમે તેમ કરીને વધારે ને વધારે ધન પેદા કરવાનું જ ધ્યાન રાખે છે, ને એ વૃત્તિ વત્તાઓછા પ્રમાણમાં લગભગ બધે જ દેખાય છે. નવી પ્રજા વધારે રાષ્ટ્રીય ને સેવાની ભાવનાવાળી બને તે માટે બનતા બધા પ્રયાસો થશે તો જ આ દેશ સ્વતંત્ર, સમૃદ્ધ ને શાનદાર રહી શકશે ને દેશનું ભાવિ ઊજળું થશે.

એટલે કોઈ સાર્વત્રિક ધ્યેયનો અભાવ નહિ પણ પ્રજાની આ દેશને માટે સાથે મળીને કામ કરવાની વૃત્તિનો અભાવ પણ દેશની દુર્દશા માટે કારણભૂત છે, સાથે મળીને એકમેકના હિત માટે કામ કરવાનો, સૌને પ્રેમ કરવાનો ને ભેદભાવ ભૂલી જવાનો ઉપનિષદ્‌નો શાંતિવાઠ એ દૃષ્ટિએ કેવો આદર્શ ને અનુકરણીય છે તે સહેજે સમજી શકાશે. (ક્રમશઃ)


શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

# કૃપાપ્રસંગો લખી મોકલાવો

**તંત્રી**

ઑગસ્ટ–૦૩ માં સ્વર્ગારોહણમાં પૂ. માએ રાતની સત્સંગની બેઠકોમાં સાધકોને તેમના જીવનમાં બનેલ પ્રભુ કે સંતોના કૃપાપ્રસંગો વિષે બોલવા જણાવેલું. કેટલાક સાધકો સારું બોલેલા, એટલું જ નહિ, બીજા સાધકોને તે પ્રેરણારૂપ થાય એવું જણાયું.

આથી પૂ. માને એક વિચાર સ્ફુર્યો કે બીજા પૂ. મા–પ્રભુના આવા કૃપા પ્રસંગોનું સંકલન કરવામાં આવે તો સારું આધ્યાત્મિક સાહિત્ય બને.

આથી અધ્યાત્મના બધા જ વાંચકોને વિનંતી છે તેઓ તેમના જીવનમાં બનેલ શ્રેષ્ઠ કૃપાપ્રસંગનું આલેખન કરી નીચેના સરનામે ૩૦ નવેમ્બર–૨૦૦૩ સુધી માં મોકલાવે.

**પ્રો. શ્રીમતી તરલાબેન યશવંતરાય દેસાઈ**
૧૪ એ, તપોવન સોસાયટી, સિદ્ધાર્થ વિદ્યાલયની બાજુમા,
નહેરૂનગર, **અમદાવાદ.**

લખાણ કાગળની એક બાજુ સારા અક્ષરે ટૂંકાણમાં લખી મોકલાવવા વિનંતી છે.



# અધ્યાત્મના જૂના અંકો અંગે વિનંતી

**તંત્રી**

અમે જાણીએ છીએ કે અધ્યાત્મના મોટાભાગના ગ્રાહકો તેના અંકોને સાચવીને રાખે છે કેટલાક તેને વર્ષવાર બંધાવી પુસ્તકરૂપે સાચવે છે, કારણ કે તેમાં જે લખાણો આવે છે, તેમાંના મોટાભાગના આધ્યાત્મિક વિકાસ માટેની જીજ્ઞાસાવાળાને ગમે ત્યારે ઉપયોગી ને પ્રેરણાસ્પદ બને છે.

અધ્યાત્મના કેટલાક વાંચકો તેને વાંચીને બીજાઓને વાંચવા આપે છે અથવા પસ્તીમાં કાઢી નાંખે છે. જગ્યાના અભાવવાળા આ યુગમાં માણસ કેટલું સંઘરે?

આથી ગ્રાહકોને ખાસ વિનંતી છે કે જેમની પાસે અધ્યાત્મના જેટલા પણ જૂના અંકો હોય તે બધા સ્વર્ગારોહણ અંબાજી ખાતે પહોંચાડે, જેથી નવા માણસોના હાથમાં જાય. એ રીતે અધ્યાત્મના ફેલાવામાં ઉપયોગી સાબીત થાય.

પૂ. માના આ સૂચનનો ગ્રાહકો સરસ પ્રતિભાવ આપશે, એવી પ્રાર્થના છે.

# નમ્ર પ્રાર્થના

(અનુષ્ટુપ)

અંબિકા, ચંડિકા, ગૌરી, પાર્વતી, પરમેશ્વરી,
સર્વેશ્વરી, મહાદેવી, દુર્ગા, શિવા, મહેશ્વરીઃ

નામો અનેક મા તારાં, ભાવે સર્વેશ્વરી વધુ!
હાલતા ચાલતા તેથી વંદું સદા, ભજું, રહું!

હણી શક્યા ન'તા વિષ્ણુ વિના સહાય આપની
મધુ—કૈટભ જેવા કૈં રાક્ષસો રાગ—દ્વેષના!

અમારું શું ગજું માડી ગર્જંતા કામમોહના
મહિષાસુરો લાગે છે જગે ખૂબ બિહામણા!

સ્વર્ગનું રાજ્ય દેવોને અપાવ્યું રાક્ષસો હણી
હતી સ્તુતિ કરી ત્યારે દેવોએ હર્ષમાં ઘણી!

પ્રસન્ન થઈ આપે યે હિતમાં મૃત્યુ લોકના
ઉપકારી કહેલા તે વચનો વરદાનના

કરાવી યાદ આજે હું કરું નમ્ર પ્રાર્થનાઃ
પૂર્ણ કરો નવા વર્ષે સુખસમૃદ્ધિ કામના.

**પરમાર્થી**



# જગત જનની

જગત જનની મા તું મારી
મા તું જનની
હું તો બાળક, અબુધ અનાડી
તું તો મા બહુ શ્યાણી
જગત જનની મા તું મારી...
સાદી સરલ, સાગર ગહરાઈ
શિવતણી શિવા વનરાઈ
પુષ્પ પરાગે, મધુવન મહેંકે,
મધુમક્ખી ઓ ગુન ગુન ગુંજે.
જગત જનની મા તું મારી...
માતૃત્વ કેરા મીઠા ઝરણાં
નિયતી કેરા નજરાણા
ધરતી માની આંગણવાડી
છોરા રમતાં દે તાળી
જગત જનની મા તું મારી...
સેવા, ત્યાગ સમર્પણ મસ્તી
નારીમાં નારાયણી વસતી
હરીભરી સૃષ્ટિ સ્વામિની
'પંકજ' વંદે તુંહિ તુંહિ.
જગત જનની મા તું મારી...

**અરવિંદ જોષી (પંકજ)**

# શ્રી સર્વેશ્વરી સંનિધિ પર્વ

**તંત્રી**

પૂ. શ્રી મા સર્વેશ્વરીના પ્રાગટ્ય સ્થાન કપુરામાં 'શ્રી સર્વેશ્વરી સંનિધિ પર્વ' નિમિત્તે એક વિશિષ્ટ આધ્યાત્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન તા. ૨૩ ડીસેમ્બર–૨૦૦૩ થી ૨૮ ડીસેમ્બર–૨૦૦૩ દરમ્યાન કપુરાના શ્રી જગદીપભાઇ રમેશચંદ્ર ભક્ત તેમ જ તેમના પરિવારજનોદ્વારા કરવામાં આવ્યું છે.

કુલ છ દિવસના આ સમારોહમાં સહભાગી થવા સૌ અધ્યાત્મ-પ્રેમી ભક્તોને નિમંત્રણ છે. કપુરા પહોંચવા માટે સુરતથી વ્યારા થઇ કપુરા પહોંચી શકાશે. વ્યારાથી કપુરાનું અંતર ૫ કિ. મી.નું છે. જે માટે વ્યારાથી બસો ઉપરાંત રીક્ષાઓ પણ મળે છે. કપુરાના ગ્રામજનોના સહયોગથી સમારોહમાં આવનારા ભાઇબહેનો માટે રહેવાનો પ્રબંધ કરવામાં આવ્યો છે. સમારોહમાં દરેક વ્યક્તિ પોતાની અનુકૂળતા પ્રમાણેના દિવસો કપુરા રોકાઇ શકશે. કાર્યક્રમ-માં આવનાર દરેકના નિવાસ માટે પૂર્વ આયોજન ગોઠવી શકાય તે ઉદ્દેશથી કાર્યક્રમમાં આવવા ઇચ્છતા સૌ કોઇને તેમની નીચે પ્રમાણેની વિગતો સમયસર મોકલી આપવા વિનંતી છે.

(૧) નામ :____________________ ઉંમર : ______

(૨) સરનામું : ________________ ફોન નં. : ઘ. ________

______________________ ઓ. ________

______________________

(૩) સંનિધિ પર્વમાં કેટલા દિવસ રોકાવા ઇચ્છો છો.
તા. __________ થી તા. __________



(૪) સંનિધિપર્વ દરમ્યાન યોજાનાર 'રક્તદાન' કાર્યક્રમમાં રક્તદાન કરવા ઇચ્છો છો? હા/ના.

(૫) આ વર્ષ દરમ્યાન રક્તદાન કર્યું હોય તો તેની વિગત
તા. ____________

(૬) રક્તગ્રૂપ (જો જાણતો હોય તો)

ઉપરોક્ત ક્રમાંક ૧ થી ૬ માં દર્શાવેલ વ્યક્તિગત વિગતો કાર્યક્રમમાં ભાગ લેવા ઇચ્છતા દરેકે નીચેના સરનામે તા. ૧ ડીસેમ્બર–૨૦૦૩ સુધીમાં મોકલી આપવાની રહેશે.

**શ્રી વામનભાઇ કાલીદાસ**
મુ. પોસ્ટ કપુરા તાલુકા : વ્યારા,
જિલ્લો **સુરત**–૩૯૪૪૫૦

કપુરાના બસસ્ટેન્ડ ઉપર જ સંપર્ક કાર્યાલયમાં પોતાનું નામ નોંધાવી બિલ્લો મેળવી, દરેક વ્યક્તિ પોતાનો ઉતારો ક્યાં છે તે જાણી લેશે.

શ્રી સર્વેશ્વરી સંનિધિ પર્વનો કાર્યક્રમ દરરોજ સવારે ૬:૩૦ થી શરૂ થશે. જે રાત્રે ૧૦:૦૦ કલાકે પૂરો થશે. જે દરમ્યાન વિવિધ આધ્યાત્મિક, સામાજીક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. સંનિધિ પર્વમાં ભાગ લેનારે બધા જ કાર્યક્રમોમાં હાજરી આપવાની રહેશે.

કાર્યક્રમમાં આવનાર દરેકે પોતાની સાથે એક ચાદર તેમ જ ઓશીકાનું કવર લઇ આવવાનું રહેશે.

# આદર્શ દૃષ્ટાંતો

સ્વ. પંડિત શિવપ્રસાદ દલપતરામ

## એક જર્મન ખેડૂતની સત્યનિષ્ઠા

જર્મનીમાં આગળના કોઇ એક યુદ્ધમાં એક સેનાપતિ પોતાની ફોજમાંથી થોડાક સવારોને લઇને ઘોડાના ખોરાક સારુ ઘાસ તથા ચંદી એકઠી કરવા નીકળ્યો હતો. સેનાપતિએ એક ખેડૂતને પકડીને કહ્યું : ''આ ગામમાં સારો પાક કયા ખેતરમાં છે તે બતાવ.'' ખેડૂત લાચાર થઇને રસ્તો બતાવવા સારું આગળ ચાલ્યો. એક જંગલ પાર કર્યા પછી એક સારું ખેતર આવ્યું. સેનાપતિની દાનત એ જ ખેતર કાપવાની થઇ; પરંતુ પેલો ખેડૂત બોલ્યો : ''સાહેબ! હજી આગળ ચાલો.'' દૂર ગયા પછી તેણે એક ખેતર બતાવ્યું. સવારોએ તેમાંથી ચણા કાપી લીધા અને ઘોડા ઉપર લાદીને છાવણી તરફ ચાલ્યા. વગરકારણે આટલો બધો લાંબો માર્ગ કાપવો પડ્યો, તેથી ચિડાઇ જઇને સેનાપતિએ પેલા ખેડૂતને કહ્યું : ''આના કરતાં તો અમે જે ખેતર સૌથી પહેલું જોયું હતું, તેની ફસલ ઘણી સારી હતી. શા સારુ અમને આટલો બધો લાંબો ફેરો ખવરાવ્યો?'' ખેડૂતે જવાબ આપ્યો : ''સાહેબ! આપને ટાંપું પડ્યું, એ ખરી વાત છે; પણ હું જાણતો હતો કે, આપ કાંઇ આ ચણાના પૈસા આપવાના નથી, તો પછી હું નાહક બીજા કોઇને શા સારુ નુકસાનમાં ઉતારું? આ ખેતર મારું છે. નુકસાન હું જ ખમી લઇશ.''

## એક પ્રસિદ્ધ ઉસ્તાદનું સૌજન્ય

વિયેના નગરમાં એક આંધળો વૃદ્ધ ભિખારી સડક ઉપર બેસીને સારંગી વગાડતો હતો. તેની ટોપી છતી પડી હતી. દયાળુ લોકો



જતાંઆવતાં તેમાં એકાદ પૈસો નાંખી જતા. એક દિવસ સાંજ પડી ગઇ, પણ એ બિચારા આંધળાને એક પાઇ પણ મળી નહિ. ઘણો જ નિરાશ થઇને તે પોતાની સારંગી બજાવી રહ્યો હતો. એક સદ્‌ગૃહસ્થ એ રસ્તે થઇને જતો હતો. તેને એ ભિખારીની દશા જોઇને ઘણી દયા આવી, તેથી તે એની પાસે બેસીને કહેવા લાગ્યો : ''ભાઇ! તું થાકી ગયો છે. મને તારી સારંગી વગાડવા આપ. હું થોડી વાર વગાડી જોઉં, જોઇએ, કોઇ ભિક્ષા આપે છે કે નહિ.'' એ નવા આવનાર સદ્‌ગૃહસ્થે સારંગીનો સૂર બાંધીને વગાડવાનું શરૂ કર્યું, ત્યારે આંધળા ભિખારીના કાનમાં અમૃતનો વરસાદ વરસી રહ્યો હોય એવું લાગવા માંડ્યું. સંગીતની મીઠાશથી તેનું દુઃખદારિદ્ર્ય દૂર થઇ ગયું. રસ્તે જનારા લોકોની પણ એ મધુર સંગીત સાંભળવા સારુ ભીડ જામવા લાગી. એ આંધળા ભિખારીની ટોપી થોડા સમયમાં સોના અને ચાંદીના સિક્કાઓથી ભરાઇ ગઇ. એ બધું ધન ભિખારીને સોંપીને પેલો સદ્‌ગૃહસ્થ ચાલ્યો ગયો. એ સદ્‌ગૃહસ્થ કોણ હતો? એ વિયેના નગરનો સૌથી ઉત્તમ તથા આખા યુરોપમાં પ્રસિદ્ધ થયેલો સારંગીનો ઉસ્તાદ હતો. ગરીબ ભિખારીના ઉપર દયા ઉપજવાથી તેના ભલાની ખાતર તેણે એ પ્રમાણે રસ્તા વચ્ચે બેસીને પોતાનો હુન્નર લોકોને બતાવ્યો હતો. એની પોતાની સ્થિતિ પણ એટલી સારી હતી કે, ધાર્યું હોત તો એકાદ સોનામહોર તે જાતે જ ભિખારીને દાન કરી શકત; પણ તેથી એનું સૌજન્ય આ પ્રમાણે પ્રકટ થાત નહિ.

આપણાં શહેરોમાં દુકાળ, રેલ, આગ વગેરે આફતના સમયમાં ગરીબ નિરાધારોને મદદ આપવા સારુ સારા ઘરનાં સ્ત્રીપુરુષો ગાયનના જલસા, નાટકો આદિ કરે છે, તેમાં પણ આવાજ સૌજન્ય-નો કાંઇક અંશ જણાઇ આવે છે; પરંતુ એવાં કામો ખરા હૃદયની લાગણીથી થવાં જોઇએ; લોકોમાં વખાણ થવા સારુ નહિ.

## નેપોલિયનનું વચનપાલન

નેપોલિયન બોનાપાર્ટ જ્યારે બ્રિયેનની લશ્કરી નિશાળમાં ભણતો હતો, ત્યારે દરરોજ એક ફળ વેચનારી પાસેથી ફળ ખરીદીને તે ખાતો. ઘેરથી પૈસા આવતા, ત્યારે તેનો હિસાબ તે ચૂકવી દેતો; પણ ફળ ઉપર અધિક રુચિ હોવાથી ફરીથી ઉધાર લેતો. નિશાળનો અભ્યાસ પૂરો કરીને ઘેર પાછા જવાનો વખત આવ્યો, ત્યારે પણ એ ફળવાળીને થોડા પૈસા આપવાના બાકી હતા. નેપોલિયને તેને કહ્યું : ''હમણાં મારી પાસે સગવડ નથી. પાછો કોઈ દિવસ આવીને તને પૈસા આપી જઈશ.'' ફળવાળીએ કહ્યું : ''ભાઈ! તને ફળ વેચીને હું ખૂબ કમાઇ છું. તારા જેવો ઘરાક બીજો કોઇ નહોતો; માટે થોડા પૈસા સારુ અહીં આવવાની તસ્દી લઈશ નહિ.''

ઘણાં વર્ષ વીતી ગયાં. હવે નેપોલિયન સાધારણ વિદ્યાર્થી મટીને ફ્રાન્સ દેશનો રાજા બન્યો હતો. એક દિવસ રાજા તરીકે તે એ જ નિશાળની મુલાકાત લેવા સારુ ગયો. તેના માનમાં આખો દિવસ પુષ્કળ ધામધૂમ થઈ. સંધ્યાકાળે બાદશાહ નેપોલિયન એ ફળ વેચનારીને ઘેર ગયો અને તેની પાસેથી સારાં સારાં ફળ વેચાતાં લઈને નાનપણમાં ખાતા હતા, તેવી જ રીતે ખાવા લાગ્યો. પછી તેમણે એ ડોશીને પૂછ્યું : ''માજી! આજ તમારા ગામમાં બાદશાહ પધાર્યા છે?'' ડોશીએ કહ્યું : ''હા, ભાઈ! એ નાના હતા, ત્યારે આજ નિશાળમાં ભણતા અને મારી દુકાનેથી ખૂબ ફળ લેતા.'' બાદશાહે પૂછ્યું : ''પણ પૈસા આપતા કે નહિ?'' ડોશીએ જવાબ આપ્યો : ''પૈસા તો કદીએ બાકી રાખતા નહિ.'' નેપોલિયને કહ્યું : ''એ હવે બાદશાહ બન્યા છે, એટલે તમે ખુશાંત કરો છો? હજુ પણ તમારું એમના ઉપર થોડાક આનાનું લેણું નીકળે છે અને એમણે એ ચૂકવ્યું નથી.'' ડોશી હવે અવાજ તથા હાવભાવ ઉપરથી નેપોલિયનને ઓળખી ગઈ અને તેણે તેમને માનપૂર્વક નમન કર્યું. નેપોલિયને એ ડોશીને કેટલાક હજાર રૂપિયા આપ્યા, તેની છોકરીઓના લગ્નનું ખર્ચ આપ્યું તથા તેના એક પુત્રના શિક્ષણનો બંદોબસ્ત કર્યો.



## બગદાદનો આદર્શ ન્યાયાધીશ કાજી

બગદાદના એક ખલીફાએ પોતાનો રાજમહેલ વધારવા ખાતર પાસેની એક ડોશીની જમીન લેવાનો હુકમ આપ્યો. ડોશીએ રૂપિયા લઈને જમીન વેચવાની નાખુશી બતાવી. રાજ્યના અમલદારોએ ડોશીની જમીન પરાણે પડાવી લીધી; એટલે તેણે ત્યાંના ન્યાય-પરાયણ કાજીની આગળ જઈને ખલીફાની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી. કાજી એક મોટો કોથળો અને કોદાળી લઈને ખલીફાની પાસે ગયો અને કહ્યું કે, ''આ ડોશીએ આપની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે, એટલા માટે એ જમીનમાંથી માટી ખોદીને આ કોથળામાં ભરવાની મને રજા આપો.'' કાજીની આવી નવા પ્રકારની ઈન્સાફ કરવાની યુક્તિ જોઈને આશ્ચર્યપૂર્વક ખલીફાએ તેમ કરવાની રજા આપી. કોથળો માટીથી ભરવામાં આવ્યો, એટલે કાજી બોલ્યો : ''આ કોથળાને ઊંચકવામાં આપ જરા હાથ અડકાડીને મદદ આપો.'' કૌતુકની ખાતર ખલીફાએ ન્યાયાધીશ કાજીના કહ્યા પ્રમાણે કર્યું; પણ કોથળો ઊંચો ન કરી શકાયાથી બોલી ઊઠ્યો : ''ઘણો ભારે છે.'' કાજીએ કહ્યું : ''પરાણે પડાવી લીધેલી જમીનનો આ એક નાનો ભાગ પણ દુનિયાના કાજીની સમક્ષ આપ ઉપાડી શકતા નથી, તો પછી આખા જગતના કાજી—ખુદાતાલાની સમક્ષ કયામત(છેવટ-ના ફેંસલાનો દિવસ)ને દહાડે એ આખી જમીનનો ભાર કેવી રીતે ઊંચકશો?'' ખલીફાએ શરમાઈ જઈને તરત જ ડોશીની જમીન એને પાછી સોંપી દીધી.

### રાજા ચૌદમા લૂઈનું ધૈર્ય

એક દિવસ ફ્રાન્સના રાજા ચૌદમા લૂઈને તેના એક પ્રધાને કહ્યું : ''મહારાજ! બ્રસેલ્સ નગરના લોકોએ આપને ન દેવાય એવી ગાળો દીધી તથા વાજતેગાજતે બહાર નીકળીને આપનું પૂતળું કરીને બાળી મૂક્યું; માટે એ દુષ્ટ નાગરિકોમાંથી છસાત આગેવાનોને કેદ પકડીને બેસ્ટિલના કેદખાનામાં પૂરવાની તથા એ નગરના રક્ષણ સારુ થોડા સમયસુધી એમના જ ખર્ચે એક વધારાનું લશ્કર રાખવાની મંજૂરી આપો. એ શહેરના લોકોની ઉદ્ધતાઈ તથા રાજદ્રોહ વધારે વાર સાંખી શકાય એમ નથી.''

રાજાએ મંત્રીને પૂછ્યું : ''એ લોકોએ રાજ્યના કર તો બરાબર ભર્યા છે કે નહિ? કાંઈ બાકી તો નથી નીકળતી?'' મંત્રીએ જણાવ્યું કે, ''કર તો એ લોકો વખતસર ભરે છે. એમના ઉપર આપણું કાંઈ લેણું નીકળતું નથી.'' રાજાએ ઉત્તર આપ્યો : ''એ લોકોને જરા સખ્ત વેરો ભરવો પડે છે. એ પણ એમણે વખતસર ચૂકવી આપ્યો; તો પછી મનનો ગુસ્સો ઠાલવવા સારુ મારું પૂતળું બનાવીને તે સળગાવી મૂકીને બે ઘડી આનંદ કરે તેમાં રાજદ્રોહ શી બાબતનો?''



# શ્રી ભોજાણીભાઈને અભિનંદન

**નારાયણ હ. જાની**

ભગવદ્ગીતાના અંતભાગમાં ભગવાન કૃષ્ણે કહ્યું છે કે મારો આ સંદેશ બીજા જીજ્ઞાસુ ભક્તોને જે પહોંચાડશે, તે મારી સૌથી શ્રેષ્ઠ ભક્તિ લેખાશે.

અધ્યાત્મની દૃષ્ટિએ અમે વિચારીએ તો પૂ. ગુરુદેવ યોગેશ્વરજી અને પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના આધ્યાત્મિક સંદેશાને વધુમાં વધુ લોકોસુધી પહોંચાડવાની પ્રવૃત્તિમાં મોરબીના સાધક શ્રેષ્ઠ શ્રી હરિભાઈ ભોજાણી મોખરે રહ્યા છે. આ વર્ષે તેઓએ પૂ. માના ૬૦ વર્ષના ઉપલક્ષ્યમાં, અધ્યાત્મના ૬૦ જેટલા આજીવન સભ્યો નોંધવાનો સંકલ્પ પૂરો કર્યો છે. છેલ્લા કેટલાક વખતથી નાદુરસ્ત તબીયત છતાં, તેમની આ સાત્ત્વિક પ્રવૃત્તિ અટકી નથી. તે બદલ તેમને અભિનંદન.

વળી ઓક્ટોબર, ૨૦૦૩ માં અધ્યાત્મ માસિક તેની સ્થાપનાના ૨૪ વર્ષ પૂરાં કરી, ૨૫ મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. તેના ઉપલક્ષ્યમાં પણ બીજા ૨૫ અધ્યાત્મના આજીવન સભ્યો નોંધવાનો સંકલ્પ તેઓએ જાહેર કર્યો છે જે બદલ અમે તેમના ખૂબ જ આભારી છીએ.

પ્રભુ તેમને લાંબુ સ્વાસ્થ્યપૂર્ણ આયુષ અને એમના પરિવારને સુખ, શાન્તિ ને પ્રભુભક્તિ આપે એ જ પ્રાર્થના.

# ભોજન માટેના નિયમો

**● કેવી સ્થિતિમાં ભોજન કરવાનો નિષેધ છે તે :**

૧. વાત કરતાં કરતાં,

૨. હસતાં હસતાં,

૩. મન બીજે ફરતું રાખીને.

૪. બહુ વિલંબથી ખાવાનો નિષેધ.

૫. બહુ ઉતાવળે ખાવાનો નિષેધ.

૬. વિરુદ્ધ આહાર ન લેવો.

**ઉદાહરણ :** દૂધ સાથે તમામ ખાટા પદાર્થ, તમામ ફળ, મૂળા, લસણ, છાસ, દહીં સાથે કેળાં.

**● ભોજનનો ક્રમ :**

૧. સ્નિગ્ધ, ભારે ગળી વસ્તુ પહેલાં ખાવી.

૨. હલકી, લૂખી, તીખી વસ્તુ અંતે ખાવી.

૩. ખાટી, ખારી વસ્તુ વચમાં ખાવી.

**● કેટલું ખાવું છે :**

હોજરીનાં ચાર ભાગ કલ્પી.

૨ ભાગ ખાવાપીવાના અન્નથી ભરવા.

૧ ભાગ પીવાના પાણીથી ભરવો.

૧ ભાગ હવા માટે ખાલી રાખવો.

**● ભોજન કરવાનો સમય :**

૧. ઝાડો પેશાબ ખુલાસાથી થઇ ગયો હોય.

૨. ભૂખ બહુ સારી રીતે લાગી હોય.

૩. શરીર બહુ હલકું હોય.



**● ભોજન વિધિ :**

૧. નાહીને, હાથ–પગ–મુખ ધોઇને.

૨. એકાંતમાં બેસીને.

૩. પિતૃઓ, દેવો, મહેમાનો, બાળકો અને વડીલોને જમાડીને, તૃપ્ત કરીને.

૪. પાળેલા પશુપક્ષીઓને માટે જમવાની શી ગોઠવણ છે, તેની તપાસ કરીને.

૫. પીરસેલી વાનીઓમાંથી પોતાને શું પથ્ય છે અને શું અપથ્ય છે તેનો વિચાર કરીને.

૬. રસોઇની નિંદા કર્યા વિના.

૭. મૌન રાખીને.

૮. પ્રિયજનો સાથે બેસીને.

૯. તનમનથી શુદ્ધ, સ્વચ્છ, પ્રેમાળ માણસોએ પીરસેલું, સ્વચ્છ, પથ્ય, સ્નિગ્ધ, ગરમ, હલકુ, છ(૬)એ રસવાળુ, પ્રવાહી વાનગીઓ વધુ હોય તેવું.

૧૦ બહુ રઘવાટ કર્યા વિના, બહુ વાર કર્યા વિના.

૧૧. જમવામાં જ ચિત્ત રાખીને.

**● ખાધા પીધા પછી શું ન કરવું?**

તરત બહુ બોલવું નહિ.

ચાલવું નહીં.

સૂવું નહીં.

તડકાથી દૂર રહેવું.

ગાડીમાં બેસીને જવું નહીં.

પાણીમાં તરવું નહીં.

# બાધા પૂરી કરી

નારાયણ હ. જાની

દક્ષિણ ભારતમાં ગોદાવરી નદીને કાંઠે પૈઠણ નગર આવેલું છે.

ગોદાવરી એ દક્ષિણ ભારતની પવિત્ર નદીઓમાંની એક અને પૈઠણ એ દક્ષિણનું કાશી—વિદ્વાન ને કર્મઠ બ્રાહ્મણોની પીઠ! ત્યાં એકનાથ મહારાજ થયા. બાળપણથી જ ભગવાન ઉપર અનન્ય પ્રેમ. પિતા સૂર્યનારાયણનો સ્વર્ગવાસ તો યુવાન વયમાં જ થઇ ગયેલો. એટલે દાદાદાદીએ પ્રેમથી તેમને ઉછેર્યા. તેઓ પણ પંઢરીનાથના મોટા ભક્ત. આમ ભક્તિ એકનાથ મહારાજને વારસામાં મળેલી. એમના પૂ. પિતામહ ભાનુદાસ તો ઘણા મોટા ભક્ત ને સંત.

આ એકનાથ મહારાજના જીવનના અનેક પ્રસંગો શ્રદ્ધાળુ ને ભાવિક જનોને પ્રેરણાદાયક આજે ય બને તેવા છે. એમાંનો એક પ્રસંગ તો અદ્ભુત છે, જે આપણે જોઇએ.

એકનાથ મહારાજ એ ગૃહસ્થી સંત હતા. લગ્ન પહેલાં જ પોતાના ગુરુ જનાર્દન સ્વામીની સેવા અને કૃપાને લીધે ભગવાન દત્તનાં તેમને દર્શન થયેલાં. ગુરુની આજ્ઞાથી જ એમણે લગ્ન કરેલું.

એમને એક પુત્ર હતો. એનું નામ હરિ પંડિત. એણે કાશી જઇને સંસ્કૃત અને હિંદુ ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરેલો. એટલે એ થોડા રૂઢિચુસ્ત. એવું માને કે ઈશ્વરનો ને શાસ્ત્રોનો ઉપદેશ તો ભલે લોકો સમજે કે ન સમજે પરંતુ સંસ્કૃત ભાષામાં જ કરાય. વળી બ્રાહ્મણ સિવાયના માણસોને ત્યાં જમાય પણ નહિ. છૂત—અછૂતપણું ચૂસ્તપણે પાળે.



હવે પૈઠણમાં એક વણિક કુટુંબ રહે. એમની આર્થિક સ્થિતિ સારી હતી, ત્યારે એમણે હજાર બ્રાહ્મણ જમાડવાની બાધા રાખેલી. પરંતુ ભાગ્યની વાત ન્યારી છે. કુટુંબના વડીલનું આકસ્મિક મરણ થઇ ગયું! ધંધોરોજગાર ખલાસ થઇ ગયો ને માલમિલકત પણ લોકો પચાવી ગયાં. કુટુંબમાં છેવટે એકલી રહી ગઇ એની પત્ની. એ બિચારી લોકોનાં કામ કરી પોતાનો જીવનનિર્વાહ કરે. પરંતુ સારી સ્થિતિ હતી ત્યારે પતિની સાથે હજાર બ્રાહ્મણો જમાડવાની રાખેલી બાધા એને રોજ ખટકે. પરંતુ શું કરે?

એક દિવસ એક વિદ્વાન બ્રાહ્મણ પાસે તે ગઇ અને પોતાની હકીકત વિગતે જણાવી. એણે બ્રાહ્મણને વિનંતી કરી કે પોતાના મૃત પતિ આ બાધામાંથી શી રીતે છૂટી શકે, તેનો કોઇ માર્ગ બતાવો. સાથે સાથે પોતાની ગરીબાઇની પણ વાત કરી. બ્રાહ્મણે વિચાર કરી કહ્યું, 'બેન, એક રસ્તો છે. તમે હજાર બ્રાહ્મણ તો જમાડી શકો તેમ નથી, પરંતુ જો કોઇ ઈશ્વરદર્શી સંતને એક ટંક જમાડો, તો એક હજાર બ્રાહ્મણ જમાડ્યા બરાબર છે. આ સિવાય બીજો કોઇ રસ્તો તમારી બાધામુક્તિ માટે મને સૂઝતો નથી.'

આથી બાઇએ તુરત જ પૂછ્યું, "પરંતુ એવા ઈશ્વરદર્શી સંતને હું ક્યાં શોધવા જાઉં! તમે કોઇ એવા સંતને જાણતા હો, તો મને કહો."

બ્રાહ્મણે કહ્યું, "આ એકનાથ મહારાજ આવા ઈશ્વરદર્શી સંત છે. પરંતુ તે હમણાંના બ્રાહ્મણ સિવાય બીજા કોઇને ત્યાં જમવા જતા નથી. છતાં તમે આજીજી કરશો, તો માની જશે. તે ખૂબ દયાળુ છે."

બાઇને આ જાણી ખૂબ આનંદ થયો. વર્ષોથી મનમાં કાંટાની જેમ ખૂંચતી બાધાનો ઉકેલ હાથવેંતમાં જણાતાં, તે ઉત્સાહથી

એકનાથ મહારાજને ત્યાં પહોંચી.

એકનાથ મહારાજ તે વખતે પૂજા કરતા હતા. હરિ પંડિત પણ બાજુમાં બેસી પોતાના સ્તોત્રપાઠ કરતા હતા. બાઇએ જઇને બંનેને પ્રણામ કર્યા. એકનાથ મહારાજે બાઇને આવવાનું પ્રયોજન પૂછ્યું. એણે ગદ્‌ગદ્ કંઠે પોતાને ત્યાં જમવા પધારવા વિનંતી કરી. પરંતુ પહેલાં તો તેમણે ના પાડી. કહ્યું : ''બેન, હરિ પંડિતે બ્રાહ્મણેતરને ત્યાં જમવા જવાની મને ના પાડી છે એટલે હું હવે ક્યાંય જમવા જતો નથી.''

આ સાંભળી બાઇ એકદમ નિરાશ થઇ ગઇ! એનો ઉત્સાહ નિરાશામાં પલટાઇ ગયો ને એની આંખમાંથી અશ્રુબિન્દુ ટપકી પડ્યાં!

એકનાથ મહારાજ તો ખૂબ દયાળુ. તેમનું દિલ બાઇને રડતી જોઇ પીગળી ગયું. એમણે બાઇને કહ્યું, ''હું એક શરતે તારે ત્યાં જમવા આવું. તારે માત્ર કાચું સીધું અને ચૂલો સ્વચ્છ લીંપીને આપવાં. મારી સાથે હરિ પંડિત પણ જમવા આવશે. તે રસોઇ બનાવશે ને અમે જમીશું. બાકી વધશે તે તને આપીશું. બોલ, આ મંજૂર છે!'' પછી તેઓએ હરિ પંડિત સામે જોયું. તેમની ઇચ્છા ન હતી, પરંતુ પિતાએ કરેલ સૂચનનો તેઓ અનાદર ન કરી શક્યા. આ મુજબનું એમનું બ્રાહ્મણેતરના હાથનું ન જમવાનું પણ સચવાતું હતું ને બાઇની ભાવના પૂર્ણ થતી હતી.

બાઇ તુરત જ રાજી થઇ ગઇ! એકનાથ મહારાજશ્રી સાથે હરિ પંડિત જમવા આવે તેને પોતાનું અહોભાગ્ય ગણવા લાગી! એને ઘરે જતાં જતાં થયું, ''પ્રભુએ એના દિલની વાત આખરે સાંભળી ખરી.''

બીજે દિવસે સૂચના પ્રમાણે બધું કાચું સીધું અને રાંધવાની જગા



લીંપીને સ્વચ્છ કરી રાખી. હરિ પંડિતે રસોઇ બનાવી. એકનાથ મહારાજ અને હરિ પંડિતે પાસે પાસે બેસીને જમી લીધું. જમી ઊઠ્યા પછી એકનાથ મહારાજે પુત્રને સૂચના આપી, ''ભાઇ, આપણી પતરાળીઓ જરા બાજુપર ખસેડી લે, એટલે આ બેન ત્યાં બેસીને જ જમી લે.''

હરિ પંડિતે પોતાની પતરાળી બાજુ પર ખસેડી. પછી પિતાની પતરાળી ખસેડવા જાય છે, તો તેના નીચે બીજી પતરાળી જોઇ! એને ભારે આશ્ચર્ય થયું! પોતે જ પિતાજીની પતરાળી મૂકેલી અને તે એક જ હતી, તો આ બીજી ક્યાંથી આવી?—અને પછી તો બીજી લેતાં તેના નીચે ત્રીજી દેખાઇ ને એમ એક પછી એક લેતાં—પતરાળીઓનો મોટો ઢગલો થઇ ગયો! આખરે એક હજાર પતરાળી પૂરી થઇ!

ઘરની વાણિયણ બાઇ બાજુ ઉપર ઊભી ઊભી આ જોતી હતી! તેનાય આશ્ચર્ય ને આનંદની સીમા ન હતી! એકનાથ મહારાજે શું તેને ખાતરી કરાવવા માટે આ ચમત્કાર સર્જ્યો હતો? એ મનમાં વિચારતી હતી, પ્રભુએ પોતાના પતિને બ્રહ્મભોજનની બાધામાંથી આમ મુક્ત કર્યા ને સંત એકનાથ મહારાજે તેની પ્રત્યક્ષ પ્રતીતિ પણ કરાવી દીધી! તે કૃતજ્ઞતાના ભાવથી મહારાજશ્રીનાં ચરણોમાં ઢળી પડી. એણે ગદ્‌ગદ્ કંઠે કહ્યું, ''મહારાજ આપ મનુષ્યના દેહમાં ભગવાન જ છો. આપે મારા ઉપર ખૂબ ખૂબ કૃપા કરી!''

પછી એણે પોતાના દિવંગત પતિની બ્રહ્મભોજનની બાધાની વાત વિગતે કરી. આ સાંભળી હરિ પંડિત તો વિસ્મય પામી ગયા! પોતાનું સંસ્કૃતના પંડિત હોવાનું અભિમાન ઓગળી ગયું. એમણે ય પિતાજીનાં ચરણોમાં વંદન કરતાં કહ્યું, ''પિતાજી, હું પંડિત હોઇશ, પણ ઈશ્વરદર્શી સંત તો નથી. આપ તો સંત હોવાને લીધે

સ્વયં શાસ્ત્ર છો. શાસ્ત્રની મર્યાદાઓ અને છૂતાછૂતપણું અમારે માટે છે, આપ તો આ બધાથી પર છો. મારા અજ્ઞાનને લીધે જ આજસુધી હું આપને શાસ્ત્રના વિધિ—વિધાન પાળવાનો આગ્રહ કરતો. મને ક્ષમા કરો.''

એકનાથ મહારાજે હરિ પંડિતને પ્રેમપૂર્વક બેઠા કર્યા ને માત્ર એટલું જ કહ્યું, ''આ બધી પ્રભુની લીલા છે, એ ધારે તે કરી શકે છે. એ સ્વયં સ્વતંત્ર છે. ભાઇ, એ ક્યારે શું કરશે તે કોણ કહી શકે?''


### ● વિનામૂલ્યે સર્વરોગ નિદાન યજ્ઞ ●

સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટદ્વારા શ્રી સર્વેશ્વરી સંનિધિ પર્વ નિમિત્તે એક વિશેષ સર્વરોગ નિદાનયજ્ઞ તા. ૨૩ નવેમ્બર—૨૦૦૩ રવિવારના દિવસે સ્વર્ગારોહણતીર્થ, અંબાજીમાં યોજવામાં આવનાર છે. આ સેવાયજ્ઞમાં સહભાગી થવા ઇચ્છતા સૌ ભાઇબહેનોને એની નોંધ લેવા વિનંતી છે.

### ● પૂ. શ્રી મા સર્વેશ્વરી પ્રાગટ્ય ઉત્સવ ●

સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટદ્વારા પૂ. શ્રી મા સર્વેશ્વરીના ૬૧ મા પ્રાગટ્ય દિનનો ઉત્સવ સ્વર્ગારોહણતીર્થમાં તારીખ ૧૩ નવેમ્બર—૨૦૦૩ ના દિવસે આયોજીત કરવામાં આવ્યો છે. સૌ ભાઇબહેનોને તે ઉત્સવમાં સહભાગી થવા હાર્દિક નિમંત્રણ છે.

**મેનેજીંગ ટ્રસ્ટી—સેવક**




# સિદ્ધ મહાત્મા કૃષ્ણાશ્રમજી

**મહાત્મા યોગેશ્વરજી**

ભગવતી ભાગીરથીનો કલકલ નાદ કરતો સુંદર પ્રશાંત પ્રવાહ વરસોથી વહી રહ્યો છે. એની આજુબાજુ એકાંત અરણ્ય ને આકાશને અડવાની હરીફાઇ કરતા ઊંચા ઊંચા હિમાચ્છાદિત પર્વતો છે. એ અસાધારણ આનંદદાયક દૃશ્યને જોતાવેંત જ એમ થાય છે કે અહીં રહી જઇએ ને થોડો વખત તપશ્ચર્યા કરીને આત્માનુભવથી જીવનને કૃતાર્થ કરીએ.

જે સુંદર પ્રદેશ મનને એવી રીતે પ્રથમ દર્શને જ મુગ્ધ કરે છે તથા સર્વોત્તમ આધ્યાત્મિક જીવનની ઉદાત્ત ભાવનાઓથી ભરે છે તે ઉત્તરાખંડના ગંગોત્રી પ્રદેશનો પુણ્યપ્રવાસ દર વરસે હજારો પ્રવાસીઓ કરે છે, અને એ પવિત્ર પુરાણપ્રસિદ્ધ પ્રદેશનાં સુખદ સંસ્મરણો લઇને પાછા ફરે છે.

હિમાલયના એ ગંગોત્રી ધામમાં, ભગવતી ભાગીરથીને સામે કિનારે એક નાની સરખી કુટિરમાં એક મહાપુરુષ બેઠેલા છે. હિમાલયની ઋષિમુનિસેવિત ભૂમિમાં વસનારા એ મહાપ્રતાપી મહાત્માઓમાંના એકને જોવા હોય તો આવો એમનું દર્શન કરીએ.

એમણે ગંગોત્રીના અતિશય ઠંડા વાતાવરણમાં વસવા છતાં પોતાના શરીર પર એકે વસ્ત્ર નથી વીંટ્યું. એ તદ્દન દિગંબર દશામાં શરીરને ટટ્ટાર યાને સીધું રાખી, પદ્માસન વાળીને બેઠા છે. એમના શરીરની ચામડી ખૂબ જ કાળી છતાં કાંતિવાળી છે. એમની આંખ તેજસ્વી, શાંત અને મોટી છે તથા એમના મસ્તક પર જટા છે.

એ કેવળ પરાળ પર બેઠા છે. દર્શનાર્થીઓ આવે છે ને જાય છે પરંતુ એ એવા જ અચળ રહે છે. કલાકો લગી પદ્માસન પર બેસી

રહે છે. વરસોથી એ મૌનવ્રત રાખતા હોવાથી કોઈની સાથે વાતચીત નથી કરતા. તોપણ કોઈ જિજ્ઞાસુ કોઈ પ્રશ્ન પૂછે તો જમીન પર આંગળીની મદદથી લખીને એ પ્રશ્નોના ઉત્તર પૂરા પાડે છે. એ ઉત્તરો ઘણા મુદ્દાસરના ને સારવાહી હોય છે. જુઓને, એક જિજ્ઞાસુએ આસપાસની શાંતિનો ભંગ કરીને એમને હિંમતપૂર્વક પ્રશ્ન પૂછ્યો :

'મહારાજ, જીવનકા ધ્યેય ક્યા હૈ?'

એમણે આંગળીથી જમીન પર લખી સ્મિતપૂર્વક તરત ઉત્તર આપ્યો, 'અપને કો પહચાનના.'

જિજ્ઞાસુના મનનું સમાધાન થઈ ગયું. સ્વરૂપનો સાક્ષાત્કાર સચ્ચિદાનંદરૂપ પરમાત્માનું દર્શન અથવા આત્માનુભવ એ જ જીવનનું ધ્યેય છે એની એને ખાતરી થઈ.

કોઈક વાર એ મહાપુરુષની ઈચ્છા હોય અથવા એમને પ્રેરણા થાય તો એ વગર પૂછ્યે પણ વાત કરે છે. એક તાજેતરનું જ ઉદાહરણ આપું. ઉત્તર પ્રદેશના એક ધનાઢ્ય, લબ્ધપ્રતિષ્ઠ પુરુષ ગંગોત્રીની યાત્રાએ ગયા. એમણે એ મહાપુરુષની મુલાકાત લીધી, પરંતુ એમની સાથે જે સ્ત્રી હતી તે એમની પોતાની સ્ત્રી ન હતી.

એમની પોતાની પત્નીનું તો મૃત્યુ થયેલું અને એ પછી ઘરબાર વગરની અને બૂરે રસ્તે ચઢી ગયેલી સાધારણ જાતિની એ સ્ત્રીને એમણે કુટુંબીજનોની અનીચ્છાની ઉપરવટ જઈને, પોતાની સ્ત્રી તરીકે પોતાના ઘરમાં રાખેલી.

એની સાથે એમણે વિધિપૂર્વક લગ્ન નહોતું કર્યું તોપણ બહારના બીજા લોકો એવું જ માનતા કે એ એમની પત્ની છે. ગંગોત્રીમાં એ સ્ત્રીને લઈને એ પેલા પ્રાતઃસ્મરણીય મહાત્મા પુરુષના દર્શન માટે ગયા ત્યારે, પોતાના વ્યક્તિગત જીવનની એ હકીકત એમણે જાહેર



ના કરી તોપણ, એ મહાત્મા પુરુષે એમના મનના ભાવોને માપી લઈને પોતાની લાક્ષણિક ઢબે લખી બતાવીને કહ્યું, 'ઇસ સ્ત્રીકો ઘરમેં રખ્ખી હૈ સો અચ્છા કિયા હૈ. એક દુર્દશાગ્રસ્ત નારીકા ઉદ્ધાર હુઆ—પરંતુ ઉસે છોડના નહિ ઔર દુઃખી ભી નહિ કરના, ઉસકા બરાબર ધ્યાન રખના.'

શ્રીમંતના આશ્ચર્યનો પાર ન રહ્યો.

એમને થયું કે આ મહાપુરુષને મારી સાથેના આ સ્ત્રીના સંબંધની ગુપ્ત વાતની ખબર ક્યાંથી પડી?

એમને ખાતરી થઈ કે આ મહાપુરુષની શક્તિ ઘણી અસાધારણ છે, એટલે જ એ મારા જીવનને જાણી શક્યા છે.

એ પોતે સંતોમાં શ્રદ્ધા રાખતા ન હોવા છતાં, એ મહાપુરુષ માટે એમના મનમાં માન પેદા થયું અને પછી તો એ મહાપુરુષના એ ભક્ત બની ગયા.

એમણે એમની સ્મૃતિને સાચવી રાખવા માટે, એમની ઉપરા-ઉપરી આનાકાની છતાં, એમના ફોટા લીધા. એમના વધુ ને વધુ સમાગમની ઈચ્છાથી પ્રેરાઈ ગંગોત્રીનો પોતાનો મુકામ લંબાવ્યો.

ગંગોત્રીના પુણ્યપ્રદેશમાં હિમાચ્છાદિત પર્વતમાળાથી વીંટળા-યેલા એકાંત, શાંત આશ્રમમાં વર્ષોથી રહેતા તથા પોતાના દર્શન માત્રથી જ લોકોને માટે પ્રેરક થનારા એ મહાપુરુષ કોણ છે તે જાણો છો? એમનું નામ મહાત્મા કૃષ્ણાશ્રમજી છે.

એમને જોતાં કે એમની પાસે બેસતાવેંત હૃદય એક પ્રકારની ઊંડી શાંતિ, સાત્ત્વિકતા ને પ્રસન્નતાનો અનુભવ કરે છે, ને લાગે છે કે પ્રાચીન કાળના કોઈ વાલ્મિકી, વસિષ્ઠ કે વિશ્વામિત્ર જેવા મહાત્મા પુરુષ પાસે આપણે આવી પહોંચ્યા છીએ. એ સનાતન શાંતિમાં સ્નાન કરતા બેઠા હોય છે. એ મહાત્માને કોઈ પ્રકારનાં પ્રવચન

કરવાની યા ભાષણ આપવાની આવશ્યકતા નથી હોતી, એમનું જીવન જ શાસ્ત્ર અથવા પ્રવચનરૂપ હોય છે.

એમની હાજરી જ અવની માટે આશીર્વાદરૂપ હોય છે. તેઓ પોતાના આદર્શ જ્યોતિર્મય જીવનદ્વારા જ કેટલાયના જીવનમાં ક્રાંતિ કરે છે, પ્રેરણા ધરે છે ને પ્રકાશ ભરે છે.

વિશ્વસ્ત સૂત્રોના આધાર પર જાણી શકાયું છે કે કૃષ્ણાશ્રમનું વય અત્યારે એકસો બે વરસનું છે. છતાં પણ એમનું શરીર સ્વસ્થ અથવા સુદૃઢ છે, અને એમનો નિત્યક્રમ એવી જ અબાધિત રીતે ચાલુ રહે છે, એ આત્મિક રીતે આટલી બધી ઊંચી અવસ્થાએ પહોંચેલા હોવા છતાં, પોતાના મોટા ભાગનાં કામો પોતાની મેળે જ કરી લે છે.

હમણાં ગયા ઓક્ટોબર મહિનામાં જ એક ભાઇ એમના દર્શને ગયેલા. એક દિવસ વહેલી સવારે એ એમની પાસે ગયા તો એમણે એક અજબ દૃશ્ય જોયું. દિગંબર સ્વરૂપના કૃષ્ણાશ્રમજી ભગવતી ભાગીરથીમાં સ્નાન કરીને બે હાથમાં પાણી ભરેલી બે ડોલ લઇને પોતાની કુટિર તરફ આવી રહેલા. કેટલું સુંદર છતાં કરુણ દર્શન! એ જોઇને પેલા ભાઇ દોડીને એમની પાસે પહોંચ્યા અને એમના હાથમાંથી ડોલ લેવાનો પ્રયાસ કર્યો. પરંતુ એ પ્રયાસ સફળ ના થયો.

કૃષ્ણાશ્રમજી ડોલને ઊઠાવીને શાંતિપૂર્વક આશ્રમમાં આવ્યા અને પછી પરાળપર પદ્માસન લગાવી બેસી ગયા, જમીન પર લખીને એમણે કહી બતાવ્યું.

‘અપના કામ જહાં તક હો શકે અપને હાથસે કરના અચ્છા. ઉસમેં આનંદ, આઝાદી ઔર સુખ હૈ.’

ગંગોત્રીમાં જ રહેતા કૃષ્ણાશ્રમજીના ભક્ત સ્વામી સુંદરાનંદજી કહે છે કે કૃષ્ણાકાશ્રમજીનો એ રોજનો ક્રમ છે. ગંગામાંથી



(ગંગોત્રીમાં એમનું નામ ભાગીરથી છે) એ રોજ પોતાના હાથે જ પાણી ભરી લઇ આવે છે.

સુંદરાનંદજી મહાત્મા કૃષ્ણાશ્રમના જીવનની એક બીજી કથા કહી બતાવે છે.

એક વાર કુટિરનો પાછળનો પહાડ તૂટી પડવાથી કુટિરને નુકશાન થયું. કૃષ્ણાશ્રમજી ભયંકર રીતે ઘાયલ થયા. એમના શિરમાં ને મુખમાં કાંટા તથા જંગલી લાકડીઓ પેસી ગઇ. એમના જખમમાંથી લોહી નીકળવા લાગ્યું અને એ બેશુદ્ધ જેવા બની ગયા.

સ્વામી સુંદરાનંદજીએ તે અતિ દુઃખદ દૃશ્યને જોયું ત્યારે એમનું કાળજું કંપવા લાગ્યું. કૃષ્ણાશ્રમજીએ એમને પોતાના શિર, મુખ અને શરીરમાંથી કાંટા ને લાકડીઓ કાઢવાની સૂચના કરી. એમણે ડોક્ટરને બોલાવવાની સાફ ના પાડી. સુંદરાનંદે રડતા હૃદયે એ સૂચનાનો અમલ કર્યો. એમણે કૃષ્ણાશ્રમના શરીરને સાફ કર્યું.

એ કામ ખૂબ જ વ્યથાજનક—પીડાકારક હતું તોપણ એ મહાત્મા પુરુષ દેહભાવથી પર થયેલા હોવાથી એ દરમ્યાન એકદમ શાંત રહ્યા. આંખો બંધ રાખીને એ સમાધિદશામાં લીન બની ગયા. દેહભાવથી પર થઇને દેહની અસરોથી ઉપરવટ જઇ આત્મભાવમાં આસીન થવાનો એ પ્રસંગ યાદ કરીને સ્વામી સુંદરાનંદજી આજે પણ ગદ્‌ગદ્ બની જાય છે.

હિમાલયની ભૂમિમાં છેલ્લાં પચાસ વરસોના ગાળામાં ત્રણ ખ્યાતનામ મહાપુરુષો થઇ ગયા. એક તો ઋષિકેશના સુપ્રસિદ્ધ સ્વામી શિવાનંદજી, બીજા ઉત્તરકાશીના સ્વામી તપોવનજી ને ત્રીજા ગંગોત્રીના મહાત્મા કૃષ્ણાશ્રમજી.

ત્રણે દક્ષિણ ભારતમાં જન્મેલા અને આત્મોન્નતિ માટે હિમાલયમાં આવેલા. એમાંથી કૃષ્ણાશ્રમજી એકદમ વિલક્ષણ નીકળ્યા. એમનું મન ગંગોત્રીના ઠંડા પ્રદેશમાં લાગી ગયું અને એ ત્યાં રહીને

યોગની સાધના કરવા માંડ્યા. પહેલાં એ દંડી સંન્યાસી હતા. પરંતુ પાછળથી દંડ તથા વસ્ત્રોનો ત્યાગ કરીને દિગંબર રૂપે રહેવા માંડ્યા.

ઠંડા પવનની લહરી જ્યાં ચામડીને ચીરી નાંખે છે ને જ્યાં સામાન્ય માણસને માટે લાંબુ રહેવાનું મુશ્કેલ છે, એવા ગંગોત્રીના તપઃપૂત પ્રદેશમાં શરીરની બાહ્ય ક્રાંતિ કરીને અને એમાં સર્વસ્વ માનીને એ બેસી ન રહ્યા, પણ મન તેમ જ અંદરની અગત્યની ક્રાંતિને સુધારવા મૌનધારણ કરીને સાધનામાં લાગી ગયા. 'નર કરણી કરે તો નરકા નારાયણ હોય' એ ઉક્તિ અનુસાર તે નરમાંથી નારાયણ બનવા તલપાપડ થયા. દૃઢ સંકલ્પ, ઉત્સાહ, ત્યાગ તથા નિરંતર પુરુષાર્થના પરિણામે થોડા વખતમાં તો એમને ઉત્તમ અવસ્થાની પ્રાપ્તિ થઈ. એમને શાંતિ મળી.

પંડિત મદનમોહન માલવીયાજી એમને ઘણો આગ્રહ કરી બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયમાં વરસો પહેલાં લઈ આવેલા, એથી બહારની દુનિયાને એમની મોટા પ્રમાણમાં જાણ થઈ.

મોદીનગરવાળા ગુજરલાલ મોદી એમને ચારેક વરસ પહેલાં મોદીનગરમાં મંદિરના ઉદ્‌ઘાટન પ્રસંગે લાવેલા. કૃષ્ણાશ્રમજી કહે છે, 'મોદી યહાં આકે અનશન કરનેકો તૈયાર હુઆ થા ઈસલિયે મેને ઉનકે સાથ જાનેકી બાત માન લી.'

શિયાળામાં એ ઉત્તરકાશીમાં અથવા ગંગોત્રીની બાજુમાં ધરાલી પાસે આવીને વાસ કરે છે.

કૃષ્ણાશ્રમજી વરસોસુધી ગંગોત્રીમાં એકલા જ રહ્યા, પરંતુ એક દિવસ એમની પાસે એક સ્ત્રી આવી પહોંચી. એના રૂપમાં એમનું શેષ રહેલું પ્રારબ્ધ આવ્યું અથવા ઈશ્વર ઈચ્છા આવી એમ કહીએ તો ચાલે. એ સ્ત્રી ગંગોત્રીની બાજુના ગામની એક પરણેલી સ્ત્રી હતી. ઘરમાં ક્લેશ હોવાથી એ ગંગામાં પડવા નીકળી પડેલી. પરંતુ ભાગ્ય તેને ગંગોત્રી ખેંચી લાવ્યું.



એણે કૃષ્ણાશ્રમજીને આશ્રય આપવાની પ્રાર્થના કરી. મહાત્મા પુરુષે કરુણાથી પ્રેરાઈને એને પોતાની પાસે રહેવાની રજા આપી. અને બાજુમાં એક જુદી કુટિર કરી આપી.

ત્યારથી એ સ્ત્રી એમની સેવામાં રહે છે. એનું નામ એમણે ભગવત સ્વરૂપ પાડ્યું છે. ભગવતસ્વરૂપ ભારે વિવેકી ને સેવાભાવી છે. એને સંસ્કૃતનું સારું જ્ઞાન થયું છે. દર્શનાર્થીઓને આવકારવાનું કામ એ જ કરે છે. ભગવાં વસ્ત્રધારી એ ભગવતસ્વરૂપનો વિકાસ થયો છે.

કૃષ્ણાશ્રમજી અગ્નિને ઉધઈ ન લાગે તેમ એના એ જ રહ્યા છે. કેટલાક સંકુચિત ને દ્વેષી સાધુઓએ એ ઘટના પછી એમની વિરુદ્ધ પ્રચાર કરવાનું અને એમની નિંદા કરવાનું ચાલુ કર્યું પણ એમના પર એની ખરાબ અસર ન થઈ. એ તો પોતાને ત્યાં આવતા સાધુઓનો સત્કાર તથા સાધુઓની સેવા કરતા જ રહ્યા.

કૃષ્ણાશ્રમજી આટલા મહાન હોવા છતાંય એમનો કોઈ મઠ નથી, તથા એમની સાથે નાનું કે મોટું સિદ્ધ મંડળ નથી. ભારતીય પ્રાચીન પરંપરાના પ્રતિનિધિ જેવા એ સમર્થ સંત શિશુ જેવા શુચિતા અને સરળતાથી જીવી રહ્યા છે. પ્રાચીન પરંપરાના અથવા જૂની પેઢીના મહાન તો એક પછી એક વિદાય થતા જ જાય છે. દેહાધ્યાસ અથવા દેહબંધનથી મુક્તિ મેળવીને આત્માની અનેરી દુનિયામાં શ્વાસ લેતા કૃષ્ણાશ્રમજી આપણી વચ્ચે છે ત્યાંસુધી એમના દર્શનનો લાભ લઈશું તો એ આપણે માટે આશીર્વાદરૂપ થશે. કૃષ્ણાશ્રમજી ભારતની વિરલ અસાધારણ સંતવિભૂતિઓમાંની એક છે. હિમાલયમાં મહાન સંતપુરુષોને મળવા માગનારા પ્રવાસીઓએ એમનું દર્શન અવશ્ય કરવા જેવું છે.

# Celebrations at Swargarohan

**Pooja Trivedi**

In ancient era there were Pathasalas to teach a child the path of life and solutions. Nowadays we have only schools that would provide education and not overall learning of life. I can say that Swargarohan is an university where there are no vedic Ucharas but pujya Maa's written Bhajanas give the same pure and spiritual vibrations. These bhajans have simple words but deep feelings of Love, sacrifice, pain. I cannot limit saying Swargarohan as an University but Pujya herself is an University. Had it been otherwise than Pujya Maa, Swargarohan would just be a great and good building complex and not a temple. The journey to make Swargarohan a temple from just a building of guest house is done by Pujya Maa.

What made Swargarohan a temple, a holy place! Countless pranamas (પ્રણામો) parayanas (પારાયણો) Mantra gans (મંત્રજપો) Bavanis (બાવનીગાન) Shram yagnas (શ્રમયજ્ઞો) are done on this soil. Not only civil constructions but adhyatmic construction is also done here. This Swargarohan is the place where, Pujya Maa and Prabhu recide, Where bhakti and bhaktas, where there is Prabhu and Prabhunaam.



To begin with descristion of the programne– Prabhu–janma (પ્રભુનો જન્મ) and Janmastami programne were planned in the month of July, but nobody imagined that it would be so much of fun that even days would be forgotten, people people would be forgotten and we ourselves would forget our own identity, Every one was Gopi and playing Raas with our Krishna

15th August–2003, Prabhu's birth day, Independence day.

Maa had started preparations before two days. We all had rehearsed Desh Bhakti songs. On 15th August after 5o' clock in the evening everybody was busy decorating the whole Swargarohan Under the direction of shri Siddharthbhai and shri Vinodiniben. Nobody was sitting idle. The enthusiasm was at its peak. Maa had kept a Matki–Fod programme–on that day because our Krishna was born on that day. At intervals we had Prasad from Pujya Maa. at 3 am. the work was completed. Some one asked Maa as to what was the time of prabhu's birth? Pujya Maa told just before sunrise. at 3.15 am. to 4.0 am, just as Vasudev had taken Lord Krishna to Jashoda's doorstep. Maa had done a vandana to welcome Vasudev. At the time of Krishna Janma, it rains at 3.45 am. there were also

showers. As if each and every relation confirmed my thoughts.

The programme started at 7.0 am. Every body was awake, for the whole night but no body seemed to be tired. After pranams, near kutia there was flag hoisting programme. Shri Babukaka had done the flag hoisting. Every body gave Salam to the nation and then DeshBhakti songs were sung. Every one had flags in their hands and tricolour filled the sky and also our heart. It indicates peace, sacrifice and unity and chakra indicates our achievements. Inauguration function of a book named, 'Sadhana' written by pujya Yogeshwarji and cassette named 'Rakshamam' was done by Narayanbhai Jani and sukruti, Nitya and Jash.

There was a Hindola (Jula) prepared for Pujyashree and every body was given a chance to swing it, Simulteniously, Garba and Dhun were going on. A bus from surat came, Pujya Maa again started the same swing of Dhun, Garba so that they should not be left out.

At 5 pm. a Matkifod programme was prepared wherein 4 Matkis were tied for Pujya–Maa, children, young girls and boys respectively. The masti of 'Nandgher Anand Bhayo' started and children cracked their's as well as Maa's Matki. Then the girls and boys



did their yoga, in between there was fight comments everything was for fun. Pujya Maa went–up to the 'Yogteerth' and threw chocolate from there, every one was snatching it. No one was young or old but only Maa's children. Maa announced that there will be 10 Matkis at 10 pm. so that every body would be given a chance. The categories of above 60, above 40, were done and 'Nandgher Anand Bhayo' started.

Too much of Masti, too much of laughter, too much of Bhakti and too much of Maa's krupa felt and enjoyed the whole programme with great zeal. This cannot be narrated but one can just feel it.

It reminds me of the pleasure of Radha–Krishna and Gopies wherein Gopies feel that they are playing Rass with their Nand–Gopal but actually Lord Krishna is with Radha. In such a manner Maa is with prabhu but we feel Her with us and within us. The 15th Angust is not prabhu's birthday but Maa's birth day also, because if prabhu would not call Maa, We would not have Maa, we would be nothing. I don't know whether it is Kaliyug or Satyug, I can say that I live in Maa–yug.

◎

# અહં મીટાવો

રાકેશભાઇ ઝવેરી

[શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે "કામ એક આત્માર્થનું, બીજો નહિ મન રોગ. ભૂખ હોય તેને ભોજન દેખાય, અને તરસ હોય તે રણમાં પણ પાણી શોધી કાઢે, સાધક હોય તેને સદ્‌ગુરુ દેખાય અને મુમુક્ષુને મહાત્મા દેખાય, આ ભવરોગ મીટાવવા સદ્‌ગુરુને તીવ્ર ઝંખનાથી શોધી કાઢો. તે ગુરુ કેવા હોય અને સાધકના હિત માટે કેવો વ્યવહાર કરે." તે વાત શ્રીમદ્‌ના પ્રખર અભ્યાસુ એવા પૂ. શ્રી રાકેશભાઇ ઝવેરીએ પોતાના શ્રીમદ્ રાજચંદ્ર વચનોના તેમના મુંબઇ ખાતેના તા. ૧૦–૯–૨૦૦૨ ના વ્યાખ્યાનમાં સરસ રીતે સમજાવી છે, તેમાંથી થોડો ભાગ સાધકોના હિત અર્થે અહીં રજૂ કર્યો છે તે સહુને ઉપયોગી થશે એવી આશા છે.]

સમર્પિત ભાવે જ્યારે ગુરુના ચરણોમાં પડાશે ત્યારે તેમનો પ્રેમ તમને ચારેબાજુથી બાંધી લેશે. એ પ્રેમની ફાંસીમાં અહંકાર મરી જશે.

ભક્તિનો માર્ગ જેણે પસંદ કર્યો છે, તેણે અસંભવની આકાંક્ષા કરી છે. તે અસંભવની પ્રાપ્તિ માટે તૈયાર થયો છે. કઇ રીતે તે આ કાર્ય કરશે? અસંભવને સંભવ કરે છે પ્રેમ. પ્રેમ એક એવી પીડા છે જેનો કોઇ ઇલાજ નથી. દિનપ્રતિદિન એ પીડા વધતી જાય છે પણ પ્રેમમાં તે એ સ્તરે પહોંચ્યો છે કે ન તે પીડાનું કારણ અર્થાત્ ગુરુને છોડી શકે છે ન પોતાની પીડાનો જાતે અંત લાવી શકે છે. જો તે આ કસોટીમાં ટકી જાય, પીડાનો સ્વીકાર કરી લે તો ધીરે ધીરે તે અનુભવે છે કે એ પીડા હવે મીઠી, વધુ મીઠી બનતી જાય છે. અને એક



દિવસ તેને સમજાઇ જાય છે કે પહેલાં જે દર્દરૂપ લાગતું હતું તે વાસ્તવમાં દર્દ ન હતું, પ્રભુના આગમનની ખબર હતી, તેમના ચરણોનો ધ્વનિ હતો. એ દિવ્ય આગમનથી પોતે પરિચિત ન હોવાથી એ અનુભૂતિ દર્દરૂપ ગણી હતી. પ્રભુ એટલી તીવ્રતાથી નિકટ આવી રહ્યા હતા અને સંસાર એટલી તીવ્રતાથી છૂટી રહ્યો હતો કે પોતે એ સમજી ન શક્યો અને એ અવસ્થા દર્દરૂપ લાગવા માંડી.

જ્યારે કોઇ પરમાત્મા તરફ, પરમાત્માને પામવા નીકળી પડે છે, ત્યારે જાણે તે સામેથી દીવાનગી માંગી રહ્યો હોય એવું લાગે છે. તેની ઘેલછા પૂર્ણ ન થાય એવી, અસંભવ જેવી લાગે છે. જે સંસારમાં કશું શાશ્વત નથી, જ્યાં ધન, પદ, પરિવાર, પ્રીતિ, સંબંધો કંઇ જ ટકતું નથી, એ સંસારમાં રહી અસંસારગત વહાલપદ્વારા તે પરમાત્માને પ્રાપ્ત કરવા માંગે છે અને તે પણ 'ભાંગે સાદિ અનંત'— મળ્યા પછી ક્યારે પણ છૂટા પડવાનું નામ જ નહીં! અને જોવાનું એ છે કે આવી અસંભવની ગાંડી આકાંક્ષામાં પણ તે સફળ થાય છે!! જ્યાં દશ્ય પકડમાં નથી આવતું ત્યાં પ્રેમી અદશ્યની પકડ કરી લે છે. રસ્તો પીડાથી ભરેલો છે, પણ પીડા બહુ જ મધુર છે. તેથી જ ભક્તો પીડા માંગે છે, સંસારનાં સુખો નથી માંગતા. 'કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ.' તેમને અહંનો રોગ, મનનો રોગ નડતો નથી. તેમને તો પ્રેમરોગ લાગ્યો છે. તેથી જ તેઓ સંસારનાં સુખો કરતાં પ્રેમની પીડાને વધુ વહાલી ગણે છે.

**સમર્પણ**

સમર્પિત શિષ્ય તે છે કે જે એમ માને છે કે પોતે દોષોથી ભરપૂર છે. કોઇ પાત્રતા નથી. ગુરુ સ્વીકાર ન કરે તોપણ ફરિયાદ કે વિરોધ-નાં કોઇ પરિણામ નહીં, કારણ કે તે છે જ અપાત્ર. સ્વીકાર કરે તો તેમની કરુણા. બાકી પાત્રતાના કારણે સ્વીકાર કર્યો છે એમ નહીં.

સમર્પણ કોઇ યોગ્યતાનો દાવો નથી. સમર્પણ એટલે જેવા છીએ તેવા પ્રભુના ચરણોમાં પડવું. સમર્પણનો અર્થ છે પોતાને બદલવાની બધી ચેષ્ટા કરી ચૂક્યો પણ કાંઇ થયું નહીં, બધા પ્રયત્નો કર્યા પણ નિષ્ફળ. સમર્પણનો અર્થ છે નિરુપાય, બેસહારા, અસહાય અવસ્થાનો હોશપૂર્ણ સ્વીકાર. પાત્રતાનો કોઇ દાવો નહીં. પ્રભુએ સ્વીકાર કર્યો તો પોતાને ધન્યભાગી સમજવો.

રામકૃષ્ણ પરમહંસ કહેતા કે નાવ બે પ્રકારે ચાલી શકે છે. એક હલેસાંથી અને એક સઢથી. નાસમજ હલેસાંથી પાર થાય છે અને સમજદાર સઢથી. સમજદાર સઢને ખોલી પવનને સમર્પિત થઇ જાય છે. હવા તેને આગળ વધારે છે. નાસમજ હલેસાં લઇ ખૂબ પરિશ્રમ કરી આગળ વધે છે. પરમાત્માની પ્રાપ્તિ પણ બે રીતે થાય છે—સંકલ્પથી અને સમર્પણથી. પરમાત્માને સંકલ્પથી પ્રાપ્ત કરવા તે હલેસાં ચલાવવા બરાબર છે. ભવસાગરને હલેસાંથી પાર કરવો બહુ મુશ્કેલ છે. એમાં ડૂબવાની સંભાવના વધારે છે. બીજો ઉપાય છે સમર્પણ. પવનને સમર્પિત થઇને યાત્રા ઉપર નીકળી પડવું.

સમર્પણ એક કળા છે કે જે વડે વિરાટતા તરફ યાત્રા થઇ શકે છે. હવાને સમર્પિત થવાથી મંજિલ તરફ કોઇ શ્રમવિના આગળ વધાય છે તેમ સમર્પણદ્વારા અર્થાત્ આજ્ઞા—આરાધનદ્વારા પરમાર્થની પ્રાપ્તિ શ્રમવિના થાય છે. સાગરને સમર્પિત થઇને નદી ગુમાવતી કંઇ નથી અને વિરાટતાને પ્રાપ્ત કરે છે.

**સઘળું સોંપી દેવું**

સમર્પણ એટલે પોતાને એના હાથમાં સોંપી દેવો. બધું સોંપી દેવું. કોઇ ઇચ્છા નહીં, કોઇ માંગ નહીં, કોઇ અપેક્ષા નહીં, કોઇ પણ પ્રકારનો અહંકાર નહીં. જેમ થાય તેમ થવા દેવું.

શ્રીકૃષ્ણ ભોજન કરી રહ્યા હતા અને રુક્મિણી પંખો નાંખી



રહ્યાં હતાં. અચાનક કૃષ્ણ ઊઠ્યા અને દરવાજા તરફ દોડ્યા. પોતે ક્યાં જાય છે, તે કહેવા જેટલો પણ સમય જાણે કૃષ્ણ પાસે ન હતો! પરંતુ દરવાજા ઉપર અટકી જઇ તેઓ તો પાછા આવીને બેસી ગયા અને જાણે કંઇ જ બન્યું ન હોય એમ ફરીથી ભોજન કરવા લાગ્યા. રુક્મિણીએ પૂછ્યું, 'આમ અચાનક જમવાનું છોડીને ક્યાં જઇ રહ્યા હતા?' શ્રીકૃષ્ણે કહ્યું, 'મારો એક ભક્ત રસ્તા ઉપર જતો હતો, કોઇએ તેને પથ્થર માર્યો, તે લોહીલુહાણ થયો પણ એ ભાવથી પ્રસન્ન રહ્યો કે મારે શું ચિંતા? જેણે આ શરીર આપ્યું છે તેણે ચિંતા કરવાની! આવો સમર્પિત ભાવ હોવાથી તેને બચાવવા હું દોડ્યો હતો.....' રુક્મિણીએ પૂછ્યું, 'તો પછી પાછા કેમ આવ્યા?' શ્રીકૃષ્ણ બોલ્યા, 'હું દ્વાર ઉપર પહોંચ્યો ત્યાંસુધીમાં એનો ભાવ બદલાઇ ગયો અને એના ઉપર પથ્થર ફેંકનાર વ્યક્તિ ઉપર એ સામે પથ્થર ફેંકી રહ્યો હતો. હવે જો એ જ એનું સંભાળે છે તો મારું ત્યાં શું કામ છે...?'

**પસંદગી હું અને તુંમાંથી**

જ્યારે તુંભાવમાંથી હુંભાવનું નિર્માણ થાય છે ત્યારે અહંકાર જાગે છે. અહંકાર નિર્મિત થાય છે ત્યારે પ્રતિક્રિયા શરૂ થાય છે. જીવ પોતે કર્તા બને છે તો પ્રભુ દ્રષ્ટા બને છે. જો જીવ સમર્પિત રહે તો પ્રભુ કર્તા બને છે. સમર્પિત થવું એટલે હવે તું કર, હું કંઇ નહીં કરું.

હું અને તુંમાંથી એકની પસંદગી કરવાની છે. કાં તો બુદ્ધિની સોંપણી, કાં તો બુદ્ધિનો ઉપયોગ. બુદ્ધિમાં અહંકાર છે. જો બુદ્ધિનો ઉપયોગ થાય તો અહંકારનો ઉપયોગ થાય છે અને જ્યાં અહંકાર મજબૂત હોય ત્યાં પરમાત્માની પ્રાપ્તિ થતી નથી. સમર્પણ એટલે હુંને છોડી તુંની પસંદગી. બુદ્ધિની સોંપણી થાય, હૃદયની સોંપણી

થાય, ઈચ્છાની સોંપણી થાય, આજ્ઞાધીનપણે વર્તવાની વૃત્તિ હોય ત્યાં અહંકાર મરવા લાગે છે, પરમાત્મા પ્રગટ થતા જાય છે.

**સમર્પિત રહેવું, બાધક ન બનવું**

સમર્પણભાવ એટલે શ્રીગુરુ પ્રતિ આત્માને ખોલી દેવો. તમારા તરફથી કોઇ પ્રયત્ન નહીં. માત્ર તૈયારી રાખવી કે તમે ગુરુના યુગકાર્યમાં બાધા નહીં પહોંચાડો. તમારે માત્ર દ્વાર ખુલ્લાં રાખવાનાં કે જેથી પરમાત્મા અંદર આવી શકે. તમારે માત્ર ઘરે ઉપસ્થિત રહેવાનું કે જેથી પરમાત્મા મળવા આવે ત્યારે તમે તૈયાર હો. હૃદય ખાલી રાખવું કે જેથી પરમાત્મા આવવા ઇચ્છે તો ત્યાં ભીડ ન હોય, તેઓ સરળતાથી પ્રવેશ કરી શકે.

પ્રાપ્તિના બે ઉપાય છે. એક ઉપાય છે—ચેષ્ટા, સંકલ્પ, પ્રયાસ, પ્રયત્ન, શ્રમ. પ્રયાસથી, શ્રમથી, સંકલ્પથી ઘણું પ્રાપ્ત થઇ શકે છે પરંતુ તમે જે પણ પ્રાપ્ત કરશો તે તમારાથી નાનું હશે. ઊલટું સંકલ્પથી, શ્રમથી જે પણ પ્રાપ્ત થશે તેની સાથે તમારો અહંકાર બળવાન—મજબૂત થતો જશે.

બીજો ઉપાય છે—સમર્પણ. આ માર્ગે શ્રમથી નહીં પણ વિશ્રામથી પ્રાપ્તિ થાય છે. તમે જ્યારે પ્રાર્થનાપૂર્ણ રહો છો ત્યારે તે ઘટે છે. તમે જ્યારે તમારી જાતને તેમના ચરણોમાં છોડી દો છો. સમર્પિત કરી દો છો ત્યારે તે ઘટે છે. તે કંઇ તમારાથી ઘટિત થતું નથી. તમે તો માત્ર પોતાને ખોલી દો છો પરમાત્મા પ્રતિ. તમે માત્ર એટલું જ કરી શકો છો કે તમે બાધા ન બનો.

**સાધના**

છોડી દેવાનો છે પોતાને એના હાથમાં. એ જે કરે તેમાં રાજી. એ જે કરાવે તેમાં રાજી. એ જ્યાં લઇ જાય ત્યાં રાજી. આતુરતા માત્ર એ કે તે મળે. આ આતુરતા એ જ તૈયારી છે. તમે એના



કાર્યમાં બાધા નહીં બનો એનું જ ધ્યાન રાખો. તમે એક લોખંડના ટુકડા જેવા બની જાઓ કે જેથી તેનું ચુંબક તમને ખેંચી લે. લોખંડનો ટુકડો ચુંબકની તરફ જાય છે પણ તે પોતાની મેળે ચુંબક પાસે જઇ શકે નહીં, ચુંબક જ તેને પોતાની તરફ ખેંચે છે. લોખંડનો ટુકડો માત્ર બાધા ન નાંખે એટલું બસ છે. બોલાવવામાં આવે ત્યારે દોડી પડે—બસ! એટલું પર્યાપ્ત છે...

પણ અહંકાર, આગ્રહ, આસક્તિ, અપેક્ષાદિના કારણે અનેક પ્રકારની બાધા તમારા વડે પહોંચાડવામાં આવે છે. અને તેથી કાર્ય થતું નથી. આ બધી તમારી વાસનાનો ફેલાવ છે. એ જે કરે, જેમ કરે તેમાં રાજીપો એ જ તમારી સાધના છે.

આમ કરવાથી વિકાસ થશે. સંસારમાં તમે જે કરશો એ તમારાથી નાનું હશે. અધ્યાત્મમાં તમે જે પણ પ્રાપ્ત કરશો. વિરાટ હશે, કારણ કે એ તમારો પ્રયાસ નથી, પરમનો પ્રસાદ છે—તેની કૃપાથી, તેની કરુણાથી પ્રાપ્ત.

**ભક્તનો પ્રયાસ**

તો શું ભક્તે કોઇ પ્રયાસ જ ન કરવો? એની મેળે જ બધું પ્રાપ્ત થઇ જાય છે?

ના, કરવાનો છે ને! તેણે સમર્પિત થવાનું છે, ગુરુના કાર્યમાં બાધા નથી પહોંચાડવાની. જેમ સૂરજના ઉદય માટે તમારે કોઇ પ્રયત્ન કરવાનો નથી પણ દ્વાર તો ખુલ્લું રાખવાનું છે કે જેથી પ્રકાશ અંદર આવી શકે. જેમ તમે સૂર્યને અંદર લાવી શકતા નથી પણ તેને બહાર અટકાવી તો જરૂર શકો છો—દરવાજો બંધ કરીને! તેમ તમે પરમાત્માને પ્રગટ કરી શકતા નથી પણ પ્રગટ થવામાં બાધા તો જરૂર પહોંચાડી શકો છો. તેથી જ્યારે પરમાત્મા પ્રગટે છે ત્યારે

ભક્ત તો એમ જ કહે છે કે મારા પ્રયત્નથી નહીં, તેની કૃપાથી ઘટના ઘટી છે.

પરમાત્મા આક્રમક નથી. તે દરવાજા ઉપર ઊભા છે. પ્રતીક્ષા કરે છે. જ્યારે તમે દરવાજો ખોલી તેમને અંદર આવવા માટે આમંત્રિત કરશો કે તુરંત તમારું ઘર પરમાત્માથી ભરાઇ જશે.

આમ, તમારા પ્રયત્નો, તમારી વિધિઓથી પરમાત્મા નહીં મળે. પણ તમારી વિધિઓથી બાધાઓ તૂટશે, દ્વાર ઉપરનાં તાળાં તૂટશે. જનમોજનમથી તાળાંઓ લગાવ્યાં હતાં. દરવાજા દીવાલ જેવા લાગતા હતા, કારણ કે ક્યારે પણ ખૂલ્યા ન હતા. વિધિઓરૂપી ચાવીદ્વારા તાળાં ખોલી, દરવાજો ખોલતાં પરમાત્મા પ્રાપ્ત થશે. વિધિઓથી પરમાત્મા નહીં મળે પણ તમે ખૂલશો, તાળાંઓ ખૂલે, અને એ ઘટના અનિવાર્ય છે. તમે મટો ત્યાં પરમાત્મા મળશે. અહંની કિંમત ચૂકવતાં જ તેનું આગમન થશે.

### ધૈર્ય રાખવું કે પૂછી લેવું?

એક શિષ્યે એના ગુરુજીને પૂછ્યું કે સદ્‌ગુરુ જાણે છે કે શિષ્યને ક્યારે શું જોઇએ અને તેઓ શિષ્યની જરૂર તથા સ્થિતિ અનુસાર તેને માર્ગદર્શન આપ્યા કરે છે. શિષ્યને માંગવાની કે પૂછવાની કોઇ જરૂર જ નથી. પરંતુ મને અનેકવાર તમારા તરફથી માર્ગદર્શનનો અભાવ પ્રતીત થાય છે અને આપની પાસે માર્ગદર્શન લેવા—માંગવા—પૂછવા આવવાનું મન થાય છે, પરંતુ ઉપરોક્ત કથનમાં પણ આસ્થા હોવાના કારણે ધૈર્ય રાખું છું, પ્રતીક્ષા કરું છું. તો શું આ ઉચિત છે?

તેના ગુરુજી બહુ સુંદર ઉત્તર આપે છે. તેઓ કહે છે કે આસ્થા જો પાકી હોય તો આ પ્રશ્ન ઊઠે જ નહીં. એ આસ્થા જો પાકી હોય કે ગુરુ જ્યારે આવશ્યકતા હશે ત્યારે મને બોલાવીને મને જણાવશે,



આપશે, નિર્દેશ કરશે તો પછી માર્ગદર્શનનો અભાવ કઇ રીતે લાગે?અભાવ કઇ રીતે લાગે? અભાવ પણ લાગે અને આસ્થા પણ હોય એ બે વાત શક્ય નથી.

તું કહે છે એવી આસ્થા તો જૂઠી છે, નપુંસક છે. તું સામેથી પૂછવા નથી આવતો તેનું કારણ આસ્થા નથી, અહંકાર છે, અપમાનિત થવાનો ભય છે, આસક્તિ અને અપેક્ષા સાચવવાનો પ્રયાસ છે. આસ્થાનો અર્થ જ પાકું હોવું. કાચી આસ્થા જેવું કાંઇ છે જ નહીં. આસ્થા હોય તો આ સવાલ થાય જ નહીં. પછી પ્રતીક્ષા કે ધૈર્ય રાખવામાં કોઇ કષ્ટ કે શ્રમ લાગે જ નહીં. માન્યતા જુદી હોય અને પ્રતીક્ષા કરવી પડે ત્યારે ભય, ચિંતા, થાક, શ્રમ, ઇત્યાદિ હોય. આસ્થા હોય ત્યાં અનંત ધૈર્ય, અનંત પ્રતીક્ષાનું બળ હોય. કેટલાય જન્મોસુધી ગુરુ બોલાવે નહીં તોપણ તેના ધૈર્યમાં કે તેની આસ્થામાં કોઇ ફરક પડતો નથી. એમ હોઇ શકે કે ગુરુનું તને ન બોલાવવું એ જ તારા માટેનું તેમનું આમંત્રણ હોય, આ ધૈર્ય રખાવવું એ જ તારા માટેની તેમની આજ્ઞા હોય, વ્યવસ્થા હોય.

# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

'મારું શ્રેય તો સધાયું ને સધાઇ રહ્યું છે.'

'કેવી રીતે?'

'કંસના કુકર્મને લીધે મારા મનમાં કૌટુમ્બિક મમતા અથવા આસક્તિ કાયમને માટે દૂર થઇ ગઇ છે. મારું મન દુન્યવી વિષયો તથા સંબંધોમાંથી ઉપરામ બન્યું છે ને જીવનનું અત્યંતિક કલ્યાણ કરવા કૃતનિશ્ચય થયું છે.'

'એ તો ઘણું જ ઉત્તમ કહેવાય, દેવકી!'

'હા. સંસારની નશ્વરતા અથવા અસારતાનું પૂરું ભાન કરાવવામાં ભૂતકાળની ભયંકર ઘટનાઓએ ઘણો મોટો ભાગ ભજવ્યો છે. એમણે મારા સંસારિક રાગને ઓગાળી નાંખ્યો છે ને મનને તટસ્થતા પ્રતિ પ્રેરિત કર્યું છે. દિવસે દિવસે મારું મન પરમાત્મપરાયણ બનતું જાય છે. મારો મોટાભાગનો સમય હું તમારી સાથે ધ્યાનમાં, પ્રાર્થનામાં, પરમાત્મચિંતનમાં ને સ્વાધ્યાયમાં જ પસાર કરું છું. એથી મને થોડીક શાંતિ મળે છે, પ્રકાશ જડે છે, ને રસ સાંપડે છે.'

વસુદેવના વદનપર સંતોષ છવાયો.

એમની આંખમાં પ્રસન્નતા પ્રસરી રહી.

એમણે જણાવ્યું :

'તારા શબ્દોથી મને શાંતિ વળી. વિવેકીને માટે જંગલ પણ મંગલરૂપ થઇ પડે છે એ વિધાન આપણે માટે સાચું પડ્યું છે. કારાવાસના સમયનો આપણે જીવનના ઉત્કર્ષ માટે ઉપયોગ કરીએ છીએ તે સારું જ છે. એને લીધે કઠોર કરાલ કારાવાસ આપણે માટે જીવનવિકાસની સાધનાનું સુંદર સરસ ક્ષેત્ર થઇ પડ્યું છે જે



ભોગવવાનું છે તે તો ભોગવવાનું જ છે : એને કોઇ જ મિથ્યા નથી કરી શકે તેમ. પરંતુ તેને સમજપૂર્વક, શાંતિ સાથે, જીવનવિકાસમાં મદદરૂપ થાય એવી રીતે ભોગવીએ તો ઘણો ફેર પડી જાય છે, અને એ ભોગ અમોઘ, અણમોલ આશીર્વાદરૂપ થાય છે.'

'સાચું છે.'

વાતાવરણમાં થોડી ક્ષણો શાંતિ પ્રસરી રહી.

એનો ભંગ કરતાં વસુદેવ બોલ્યા :

'એક બીજી કામની વાત પણ કરી લઉં. એ વાત અતિશય કલ્યાણકારક છે.'

'તમારી બધી વાતો કલ્યાણકારક જ હોય છે.'

'તોપણ આ વાત સવિશેષ કલ્યાણકારક અને અગત્યની છે. આપણા જીવનનો ઉદ્દેશ્ય ભોગ નથી પણ યોગ છે એ તો તું જાણે જ છે.'

'હા.'

'એ ધ્યેયને દૃષ્ટિસમક્ષ રાખીને જ આપણે બધી પ્રવૃત્તિ કરવાની છે એની પણ તને માહિતી છે. તું એની સાથે સંમત પણ છે.'

'જરૂર.'

'તો પછી દેવકી!' વસુદેવ જરાક ગંભીરતાપૂર્વક કહેવા માંડ્યા; 'એ હકીકતનો સ્વીકાર પણ તું સહેજે કરી શકીશ કે આપણું જીવન લાંબા વખત લગી ભોગમય ના રહી શકે. હવે આપણે આપણા શેષ જીવનને સંયમપૂર્વક જ પસાર કરવું જોઇએ. મેં એને માટે દૃઢ નિશ્ચય કરી લીધો છે, અને એમાં તારી સ્વીકૃતિ માગું છું. તારી સ્વીકૃતિ વિના એ દિશામાં સફળતાપૂર્વક આગળ ના વધી શકાય અથવા એનો અમલ ના જ થાય એ દેખીતું છે. આપણું આઠમું સંતાન આપણું છેલ્લું સંતાન હશે. એ રહે કે ના રહે તોપણ એ પછી

આપણે સંપૂર્ણ સંયમનું પાલન કરતાં રહીશું. એથી આપણને બધી રીતે લાભ થશે.'

દેવકી વસુદેવના સંકલ્પ સાથે સંમત થઈ.

એની મનોમય ભૂમિકા એને માટે ક્યારની તૈયાર જ હતી.

વસુદેવ એથી પ્રસન્ન થયા, પરમસંતોષ પામ્યા, ને બોલ્યા :

'તારી સંમતિ માટે તને ખરેખર અભિનંદન ઘટે છે. તું મારા જીવનની આરંભથી જ સાચા અર્થમાં સહધર્મિણી બની ચૂકી છે એટલે તારા સહકારમાં કોઈ પ્રકારની શંકા નથી લાગતી. સ્ત્રી પુરુષની અર્ધાંગિની જ નથી પરંતુ એનો અર્ધ પ્રાણ, એનું અર્ધ અંતર અને એનો અર્ધ આત્મા છે. એના જીવનની ગતિવિધિપર એનો અર્ધ અધિકાર છે. એટલે એ એને અનુકૂળ હોય એ આવશ્યક છે. પુરુષ પણ એ જ પ્રમાણે સ્ત્રીને અનુકૂળ હોવો જોઈએ. સંસારરથનાં બંને પૈડાં સ્ત્રી અને પુરુષ એક શરીરના બે નાસિકાછિદ્રો જેવાં કે ડાબાજમણા હૃદય જેવાં છે. એમના સંવાદમાં જ શક્તિ, સુખાકારી, સમૃદ્ધિ અને શાંતિ સમાયેલી છે. તું હમેશાં મને અનુકૂળ થઈને રહી છે એ તારી વિશેષતા છે. એને લીધે તું મને સર્વાધિક પ્રિય પણ છે. પ્રાણ કરતાં પણ વધારે પ્રિય.'

'પ્રાણ કરતાં પણ વધારે પ્રિય?' દેવકી જરા હસી.

'હા. પ્રાણ કરતાં પણ વધારે પ્રિય. એમાં લેશ પણ અતિશયોક્તિ નથી કરતો, પરંતુ મારા અનુરાગપૂર્ણ કૃતજ્ઞ અંતરનો પ્રામાણિક પ્રતિધ્વનિ જ પાડી રહ્યો છું. એ પ્રતિધ્વનિ પરિપૂર્ણ નથી પરંતુ આંશિક છે એ પણ જાણું છું. એનો પરિપૂર્ણ પ્રતિધ્વનિ તો કોઈ કાળે અને કોઈયે રીતે નહિ પાડી શકું.'

બંને શાંત રહ્યાં.

છેવટે વસુદેવે જ ઉદ્ગાર કાઢ્યા :



'તું પોતે ખૂબ જ સંયમપ્રિય હોવાથી મને તારો સહકાર સાંપડી રહેશે એની ખાતરી જ હતી. એ ખાતરી સાચી ઠરી એથી અધિક આનંદ બીજો કયો હોઈ શકે? સંયમની સાધના સહેલી નથી તે જાણું છું. મોટા મોટા મુનિવરો પણ એ સાધનાની સફળતામાં પાછા પડે છે. કંદમૂળ ખાનારા અને પવન, પાણી તથા પાંદડાંપર નિર્વાહ કરનાર એકાંતવાસી તીવ્ર તપ કરનારા ઘોર તપસ્વીઓ પણ એની પાર નથી પહોંચી શકતા.'

'એ હકીકત સાચી છે. સંયમની સાધનાનું અનુષ્ઠાન ધારવામાં આવે છે તેટલું સહેલું તો નથી જ. તોપણ એને માટે સંકલ્પ કરવો ને પુરુષાર્થનો આધાર લેવો સૌનો ધર્મ છે.' દેવકી બોલી.

દેવકીનાં વચનોને વસુદેવ શાંતિપૂર્વક સાંભળી રહ્યા અને પોતાની આગળની વાતના અનુસંધાનમાં કહેવા માંડ્યા :

'વેદમાં પારંગત પારદર્શી પુરુષો, યોગીઓ, ભક્તો અને અણિમાલઘિમા જેવી સઘળી અથવા એકાદ બે કે વધારે નાનીમોટી સિદ્ધિપ્રાપ્ત સિદ્ધપુરુષો પણ કામક્રોધ અને અહંકાર અથવા આસક્તિના શિકાર બની જાય છે એ જાણીતું છે. પવનને બાંધી શકાય, અગ્નિપર શયન કરી શકાય, આકાશમાં ઊડી શકાય ને પાણીમાં પ્રવેશી તથા પૃથ્વીપર પ્રભુત્વ જમાવી શકાય, પરંતુ મનપર પ્રભુત્વ મેળવવું મુશ્કેલ છે. દેવો, યક્ષો અને ગંધર્વો પણ વિષયોના દાસ બનેલા છે તો માનવનું શું ગજું? તોપણ, પરમાત્માની પરમકૃપાથી સંયુક્ત રીતે સમજપૂર્વક પુરુષાર્થ કરતાં કરતાં આપણે આપણા સંકલ્પને જરૂર પૂરો કરીશું. મક્કમ નિરધાર અથવા મજબૂત મનોબળ આગળ કશું જ અશક્ય નથી.'

દેવકી વસુદેવનાં પ્રેરણઆત્મક સુંદર વચનોને પરમ સંતોષ અને ઉલ્લાસપૂર્વક સાંભળી રહી. (ક્રમશઃ)